


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023


Year - 6 | Issue- 290 | AD-2023, Shravan Sud- 05 | Sunday Dt. 23-07-2023 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી પૂરની સ્થિતિ, રોડ ધોવાતા અનેક ગામો સંપર્કવિહોણા

# રાજયમાં આકાશી આફત : અનેક વિસ્તાર જળબંબાકાર

## જુનાગઢમાં બે કલાકમાં ૧૪ ઈંચ વરસાદથી શહેર દરિયામાં ફેરવાયું








જુનાગઢ,તા.૨૨

વહેલી સવારથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. જૂનાગઢની હાલત ખૂબ જ ગંભીર બની છે. ત્યારે માત્ર બે કલાકમાં જ મેઘરાજાએ એવો કહેર વર્તાવ્યો કે સમગ્ર જૂનાગઢ શહેર દરિયામાં ફેરવાયું હોય તેવી સ્થિતિ સર્જાય છે. ધસમસતા પાણીના પ્રવાહે જૂનાગઢવાસીઓને ધ્રુજાવી દીધા હતા. મોટાભાગના વિસ્તારો પાણી-પાણી થઈ ગયા છે. પાણીના પ્રવાહમાં અનેક કાર-બાઈક, કેબિનો રેકડીઓ તણાઈ રહી છે. લોકોનાં મકાનમાં પણ પાણી ઘૂસી ગયાં છે. જેથી લોકો ઘરના ધાબા પર ચડી ગયા હતા. ધોધમાર વરસાદને પગલે જૂનાગઢની જનતા એક જ પ્રાથના કરી રહી છે કે 'હવે મેઘતાંડવ બંધ થાય તો સારૂ'. ધોધમાર વરસાદ ખાબકતા સમગ્ર શહેરમાં જમીન ત્યા જળ જોવા મળી રહ્યું છે. ભારે વરસાદના કારણે રસ્તાઓ નદીઓમાં ફેરવાયા છે. ગિરનાર અને દાતાર પર્વત ઉપર સાંબેલાધારે વરસાદ પડતાં કાળવા નદી બે કાંઠે વહી રહી છે. જ્યારે ભવનાથ, કાળવા ચોક અને મોતીબાગ વિસ્તારમાં ભયંકર સ્થિતિનું નિર્માણ થયું છે. અનેક વાહનો તણાઈ ગયા છે. મકાનોમાં પાણી ભરાઈ ગયા છે. એક નજરે જૂનાગઢમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. લોકો જીવ બચાવવા ધાબે ચડી ગયા છે. મેઘરાજાએ કહેર વર્તાવતાં સ્થિતિ અતિગંભીર બની રહી છે. અનેક કારો તણખલાની જેમ તણાઈ રહી છે. ગિરનારમાં ૧૪ ઈંચ અને શહેરમાં ૮ ઈંચ વરસાદ વરસ્યો છે. ચાર કલાકથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. ગિરનાર પર્વત ઉપર આશરે ૧૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેથી પર્વત ઉપરનું પાણી શહેરમાં ઘૂસ્યું ગયું હતું. જેના પગલે જૂનાગઢમાં ચારે બાજુ પાણી પાણી જોવા મળ્યું હતું.

શહેર દરિયો બન્યો તો રસ્તાઓ નદીઓમાં ફેરવાયા છે. આ વચ્ચે એક યુવક પણ કાર સાથે જ તણાયો હતો. તેમજ એક માજી પણ તણાયા હતા. જોકે, લોકોએ આ માજીને બચાવી લીધા હતા. ભાવનગર રેલવે ડિવિઝનના જૂનાગઢમાં ભારે વરસાદને કારણે જૂનાગઢ-વડાલ સેક્શનમાં રેલવે ટ્રેક ધોવાઈ ગયો છે. આ સ્થિતિના કારણે ભાવનગર ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થઈ છે.

## નવસારીમાં આભ ફાટ્યું : ૧૩ ઈંચ વરસાદથી જળબંબાકાર





(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં સતત ભારે વરસાદ પડી રહ્યો છે.ગુજરાતના નવસારીમાં તો જાણે આભ ફાટ્યા જેવી સ્થિતિ છે. સતત ભારે વરસાદના કારણે અનેક ઠેકાણે રસ્તાઓ પણ બંધ છે. અત્રે જણાવવાનું કે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત, વલસાડ, નવસારીમાં મેઘતાંડવની શક્યતા છે. દ્વારકા, પોરબંદર, જામનગરમાં અતિભારે વરસાદ પડશે એવી આગાહી કરાઈ છે.

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં છેલ્લા ચાર કલાકમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. નવસારીના જલાલપોર તાલુકામાં બે કલાકમાં ૭ ઈંચ વરસાદ પડ્યો છે. સવારે ૬ થી બપોરે ૨ વાગ્યા સુધી રાજ્યમાં ૧૦૬ તાલુકાઓમાં વરસાદ પડ્યો. નવસારી તાલુકમાં કુલ ૧૦.૫ ઈંચ વરસાદ પડ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. હજુ પણ વરસાદનું જોર યથાવત છે.

સતત ભારે વરસાદના કારણે રાજ્યમાં ૨૭૫ જેટલા રસ્તાઓ બંધ છે. પોરબંદરમા એક નેશનલ હાઈવે બંધ છે. જ્યારે ૧૩ સ્ટેટ હાઈવે બંધ છે. સૌથી વધુ દેવભૂમિ દ્વારકામાં ૪ સ્ટેટ હાઈવે બંધ છે. જ્યારે રાજકોટ, જામનગર અને પોરબંદરમા બે બે સ્ટેટ હાઈવે બંધ છે. પંચાયત હસ્તકના કુલ ૨૪૬ રસ્તા બંધ છે. વલસાડ જિલ્લામાં ૭૫ રસ્તા બંધ છે. પોરબંદરમા ૫૬,જુનાગઢમા ૪૮, દેવભૂમિ દ્વારકામાં ૧૫ અને નવસારીમાં ૨૫ માર્ગો બંધ છે. રાજ્યમાં અન્ય ૧૫ રસ્તા બંધ હાલતમાં છે.

ભારે વરસાદના કારણે રાજ્ય વાહન વ્યવહારને પણ અસર થઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં એસટીના ૪૦ રૂટ બંધ કરવામાં આવ્યા છે.ગુજરાતના વિવિધ ડેમની સ્થિતિ ભયજનક સ્તરે આવી ગઈ છે. શેત્રુંજી ડેમના ૨૦ અને મધુબન ડેમના ૧૦ દરવાજા ખોલાયા છે. તો જામનગરમાં ધોધમાર વરસાદ, અનેક ગામોને એલર્ટ કરાયાં છે. સાંજના પાંચ વાગ્યા પછી અમદાવાદમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે રોડ પરથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાંલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ અમદાવાદના રસ્તાઓ પર ઠેર ઠેર પાણી ભરાવવાના શરૂ થઈ ગયા છે.




### એનસીપી ધારાસભ્ય અમોલ મિટકરીએ ટ્વીટ કર્યુ

## મહારાષ્ટ્રના રાજકારણમાં ટૂંક સમયમાં નવાજૂની, અજિત પવાર મુખ્યમંત્રી તરીકે શપથ લેશે તેવો દાવો



(એ.આર.એલ),મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ તરફ હવે એનસીપી ધારાસભ્ય અમોલ મિટકરીએ અજિત પવાર વિશે મોટો દાવો કર્યો છે. મિટકરીએ ટ્વીટ કરીને દાવો કર્યો છે કે, ડેપ્યુટી સીએમ અજિત પવાર ટૂંક સમયમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. પોતાના ટ્વીટમાં મિટકરીએ શપથ દરમિયાન જે રીતે નેતા બોલે છે તે જ લાઈન લખી છે. મિટકરીએ લખ્યું, "હું અજિત અનંતરાવ પવાર છું... મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે શપથ લઈ રહ્યો છું કે...! બહુ જલ્દી"અહીં અમોલ મિટકરીનું આ ટ્વિટ આવ્યું અને બીજી બાજુ સમાચાર આવ્યા કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે દિલ્હી પહોંચી ગયા છે. શિંદેની દિલ્હી મુલાકાતની વાત કરીએ તો એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેઓ એક ખાનગી કાર્યક્રમમાં હાજરી આપવા માટે દિલ્હી આવ્યા છે. પરંતુ નિષ્ણાતો કહે છે કે, તેઓ દિલ્હીમાં ભાજપના મોટા નેતાને મળી શકે છે.












રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે

# લાઠીખાતે યુએન વોટર કોન્ફરન્સ તળાવનું લોકાર્પણ








અમરેલી, તા. ૨૨

રાજયમાં જળ સિંચન દ્વારા નદી તળાવ ચેકડેમો ઉંડા કરવાની યોજના અમલમાં છે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનની ૫૦-૫૦ ટકા ભાગીદારીથી ૨૮ કિ.મી. લાંબી ગાગડીયો નદીને ઉંડી અને પહોળી કરવાનું કામ અંદાજીત ૨૦૦૦ લાખના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. જેનું આજે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે યુએન વોટર કોન્ફરન્સ તળાવનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે મુખ્યમંત્રી અને રાજયપાલે જળ સિંચનની ક્ષમતા અને નદીની અગાઉની સ્થિતિ વિશે વિગતો મેળવી હતી. આ પ્રસંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીની હિમાયત કરી હતી અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે વિષય પર ભાર મુકયો હતો. હાલમાં રાજયમાં ૭.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. અને આગામી સમયમાં દરેક ગામમાં ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતાં થાય તે માટે રાજય સરકાર કાર્ય કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સવજીભાઈ ધોળકીયાના નેતૃત્વ નીચે ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા થઈ રહેલા જળ સંચય થકી રાષ્ટ્ર સેવાના ઉમદા કાર્યને બિરદાવ્યા હતા. ઘનશ્યામભાઈ ધોળકીયાએ મહેમાનોનું જ્યારે બ્રિજેશ ધોળકીયાએ શાબ્દિક સ્વાગત કર્યું આભારવિધિ કરી હતી.

### અમરેલી ખાતે મુખ્યમંત્રી અને રાજયપાલને આવકાર્યા

રાજયપાલ દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું અમરેલી એરપોર્ટ ખાતે આગમન થતાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયા, રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર, કલેક્ટર અજય દહિયા, ડીડીઓ દિનેશ ગુરવ, એસ.પી. હિમકરસિંહ, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા, ધોળાકિયા ફાઉન્ડેશનના પ્રમુખ સવજીભાઈ ધોળકીયા સહિતના મહાનુભાવોએ પુષ્પગુચ્છ આપી ભાવભર્યું સ્વાગત કર્યું હતુ.

# દામનગરમાં આંગણવાડીના ઓરડા અને પ્રાથમિક સુવિધાનો અભાવ

દામનગર,તા.૨૨

દામનગરમાં આંગણવાડીના ઓરડા અને વેપારીઓ માટે ટોઈલેટ માટે જગ્યા ફાળવવામાં ન આવતા લોકો રોષે ભરાયા છે. શહેરીજનો રોષપૂર્વક જણાવે છે કે આઝાદીના અમૃતકાળમાં દામનગર નગરપાલિકાને ગૌચરની જમીનમાં તથા નદી, નાળાના પટમાં બ્લોક નાખવા જગ્યા મળી જાય છે.પરંતુ વિવિધ વિસ્તારોમાં આંગણવાડીના નાના ઓરડા બનાવવા અને વેપારીઓ માટે સુલભ શૌચાલય બનાવવાની જગ્યા મળતી નથી. પ્રાથમિક સુવિધાઓ વગર શહેરીજનો વલખા મારે છે, મૂળભુત સમસ્યાઓ માટે તરસે છે, પરંતુ પાલિકાને પેવર બ્લોક નાખવા સિવાય બીજી કોઈ વસ્તુમાં વિકાસ દેખાતો ન હોય તેમ વર્તી રહી છે. આ બાબતે યોગ્ય કરવામાં આવે તો ખરો વિકાસ થાય તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# બગસરામાં પીજીવીસીએલ દ્વારા જરૂર કરતાં વધારે ડોક્યુમેન્ટ મંગાતા લોકોમાં રોષ

પીજીવીસીએલના નોટીસ બોર્ડ કરતાં વધારે ડોક્યુમેન્ટ માંગવામાં આવી રહ્યા છે

બગસરા, તા. ૨૨

બગસરા પીજીવીસીએલમાં નવા કનેકશન માટે ગ્રાહકોને જરૂરીયાત કરતાં વધારે ડોક્યુમેન્ટ માંગી હેરાન કરવામાં આવતા હોવાની લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે. પીજીવીસીએલ સબ ડિવીઝન નીચે આવતાં ગામડા અને શહેર માટે નવા કનેકશનની માંગણી કરવા જરૂરી ડોક્યુમેન્ટની યાદીનું લીસ્ટ પીજીવીસીએલ કચેરીમાં જ લગાવેલ હોય છતાં પણ આ નિયમનો ઉલાળીયો કરી જરૂરીયાત કરતાં વધુ ડોક્યુમેન્ટ માંગી ગ્રાહકોને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવતા હોય તેવી ફરીયાદ અરજદારો પાસેથી સાંભળવા મળે છે. પીજીવીસીએલના અધિકારીઓ આ બાબતે યોગ્ય કરી સરળતાથી અને ધક્કા વગર કનેકશન આપે તેવી ગ્રાહકોમાંથી માંગ ઉઠી છે. નવા કનેકશન માટે લોકો પાસેથી દસ્તાવેજની સાથે પાલીકાના રહીશ અને આવકનો દાખલો પણ માંગવામાં આવે છે. જયારે પીજીવીસીએલ ઓફીસમાં મસ મોટા બેનરો મારીને લખવામાં આવ્યું છે કે, તેના લીસ્ટ મુજબનું કોઈ એક ડોક્યુમેન્ટ હશે તો પણ કનેકશન મળી જશે. ત્યારે ગ્રાહકોને જરૂરીયાત કરતાં વધુ ડોક્યુમેન્ટ માંગીને હેરાન ન કરવામાં આવે તેવી ગ્રાહકોમાંથી માંગણી કરાઈ છે.

# વડીયાના પત્રકાર પરિવારની દીકરીના જન્મદિવસની ગરીબ લોકોને ભોજન કરાવી ઉજવણી કરાઈ



વડીયા, તા.૨૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા એવા વડીયાના પીઢ પત્રકાર ભીખુભાઈ વોરાના ભત્રીજાની દીકરી યામીના બીજા જન્મ દિવસ નિમિત્તે સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે વડીયા શહેરના સદગુરૂ નગરમાં વસવાટ કરતા અને મજુરીકામ કરીને જીવન ગુજારતા લોકોને સાંજના સમયે અહી આવેલ પટેલવાડી ખાતે બોલાવીને ભરપેટ ભોજન કરાવવામાં આવ્યું હતુ. આમ ખોટા તાયફા કરવાના બદલે સેવા કાર્યો કરી એક અનોખી પહેલ કરવામાં આવી હતી. આ તકે પરિવારના સભ્યો સહિત સ્થાનિક આગેવાનો અને પત્રકારો તથા મિત્રમંડળ ઉપસ્થિત રહ્યા હતા અને દીકરીને શુભકામના પાઠવી હતી.

# રાજુલામાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ સેડી સંસ્થાની મુલાકાતે



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા. ૨૨

રાજુલાની સરકારી વિજ્ઞાન પ્રવાહની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સેડી સંસ્થાની મુલાકાત કરી શિક્ષણ કાર્ય પૂર્ણ થયા બાદ નોકરીની તકો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. આ તકે સેડી સંસ્થાના પ્રિન્સીપાલ મધુબેન વાળા અને શિક્ષકગણ હાજર રહ્યા હતાં.

# વડીયાના ખાનખીજડીયા ગામે તણાયેલ યુવકનો મૃતદેહ મળ્યો



વડીયા, તા.૨૩

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના ખાન ખીજડીયા ગામેથી ગઈકાલે એક યુવાન ઢૂંઢીયા પીપળીયા ગામે જવા નીકળ્યો હતો. આ રસ્તે મોટરસાયકલ લઈને સ્મશાન પાસેના વોકળા પાસેથી પસાર થતી વખતે વરસાદના પાણી વધતા તણાઈ ગયો હતો જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેની જાણ સ્થાનિક લોકોએ સ્થાનિક તંત્રને કરતા આ યુવાનની શોધખોળ માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા. પરંતુ ફાયર વિભાગ અને સ્થાનિક તરવૈયાઓએ રાત સુધી મહેનત કરવા છતાં યુવકની કોઈ ભાળ મળી ન હતી. ત્યારે આજે વહેલી સવારે એનડીઆરએફ ટીમ દ્વારા યુવકની શોધખોળ હાથ ધરાઈ હતી. ઘટનાસ્થળેથી એકાદ કિ.મી દૂર આ યુવકનો મૃતદેહ મળતા વડીયા સિવિલ હોસ્પીટલ ખાતે લાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પરિવારનો મુખ્ય કમાનાર વ્યક્તિ ગુમાવતા પરિવાર નિરાધાર બન્યો છે. ત્યારે આ પરિવારને સહાય પ્રાપ્ત થાય તેવી લોકલાગણી છે.

# બગસરાના સાપરથી સુડાવડ જવાના રસ્તે આવેલો પુલ જર્જરિત



બગસરા, તા.૨૨

બગસરા તાલુકાના સાપરથી સુડાવડ ગામે જવા માટે એકમાત્ર રસ્તો આવેલો છે જેના પર એક પુલ બનાવવામાં આવ્યો છે. આ પુલ વરસાદના કારણે તુટી જવાથી અહીંથી પસાર થતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પુલની સાઈડો ધોવાઈ જવાથી આ રસ્તાને ભારે નુકસાન પહોંચ્યુ છે. આ રસ્તા પરથી દિવસ દરમિયાન અનેક વાહનોને પસાર થવુ પડે છે. પરંતુ હવે અહીં ભારે અને મોટા વાહનો પસાર થઈ શકે તેવી પરિસ્થિતિ રહી નથી. જેથી અત્રેના લોકો અને વાહનચાલકો દ્વારા પુલનું સમારકામ કરવા અથવા તો નવો બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# જાફરાબાદની વિવેકાનંદ સોસાયટીમાં છેલ્લા ૪ માસથી સ્ટ્રીટ લાઈટ બંધ

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદના વઢેરા રોડ પર આવેલ વિવેકાનંદ સોસાયટીમાં છેલ્લા ૪ માસથી સ્ટ્રીટ લાઈટ બંધ હોય અહીના રહીશો દ્વારા આ અંગે નગરપાલીકાને મૌખિક અને લેખિતમાં વારંવાર રજુઆત કરવામાં આવેલ હોવા છતાં હજુ સુધી આ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટ શરૂ કરવામાં આવી નથી. અધિકારીઓને રજુઆત કરવામાં આવે તો તેઓ કહે છે કે અમે પીજીવીસીએલમાં કવોટેશન સાથે પૈસા ભરી દીધા છે.

તો બીજી તરફ પીજીવીસીએલ એવું જણાવે છે કે, સાવરકુંડલાથી એબીસી કેબલ આવે તો કામગીરી થશે. નગરપાલીકા અને પીજીવીસીએલ એકબીજાને ખો આપી રહ્યા હોવાના કારણે છેલ્લા ૪ મહિનાથી આ સોસાયટીના લોકો અંધારામાં છે. આ વિસ્તારમાં સિંહ અને દિપડા જેવા હિંસક પશુઓ વારંવાર આવી ચડે છે ત્યારે અંધારામાં કોઈ ગંભીર ઘટના બનશે તો તેની જવાબદારી કોની ? ૪ મહિના જેવો સમય થયો અને અનેક રજુઆત હોવા છતાં આ પ્રશ્નનું નિરાકરણ કયારે આવશે તેની રાહ આ વિસ્તારોના રહીશો જોઈ રહ્યા છે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail:carcarerushi@rediffmail.com



Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.






નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦



ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::

નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

અમરેલી જિલ્લાના ખેડૂતોને બેવડો માર

# એક તરફ અતિવૃષ્ટી તો બીજી બાજુ જિલ્લામાં યુરિયા ખાતરની તંગી

યુરિયા ખાતરની અછત અંગે જન પ્રતિનિધીઓનું લુખ્ખુ આશ્વાસન કે ખેડૂતોને ખાતર મળશે ???

અમરેલી, તા. ૨૨

છેલ્લા એકાદ માસથી અમરેલી જિલ્લામાં સતત વરસાદ પડી રહ્યો છે જેના કારણે ખેડુતોએ વાવેલા મહામુલા પાકોને નિષ્ફળ જવાની ભીતિ ઉભી થઈ છે. તો બીજી તરફ ઉગતા પાકને જરૂરી એવા યુરિયા ખાતરની જિલ્લાભરમાં તંગી ઉભી થઈ છે. જેના કારણે ગજગતના તાતને બેવડો માર સહન કરવો પડી રહ્યો છે.




અમરેલી જિલ્લામાં સતત પડી રહેલા વરસાદના કારણે મોટા ભાગની મોલાતને પાણી લાગ્યું હોય વાવણી નિષ્ફળ જવાની શક્યતા છે. અને ખેડૂતોને ફરી વખત વાવણી કરવી પડે તેવી પરીસ્થિતિનું નિર્માણ થયું છે. બીજી તરફ આજે રાજુલા, જાફરાબાદમાં ખેડૂતોએ યુરિયા ખાતર માટે રાજુલા માર્કેટીંગ યાર્ડમાં લાંબી લાઈનો લગાવી હતી. પરંતુ તેઓને ખાતરના બદલે ફકત ધક્કા થઈ રહ્યા છે. યુરિયા ખાતર નહી મળતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ રાજયના કૃષિમંત્રી સહિતના આગેવાનો ગાઈ વગાડીને કહી રહ્યા છે કે રાજયમાં યુરિયા ખાતરનો પુરતો જથ્થો છે અને કયાંય પણ તંગી ઉભી નહી થવા દેવાય તો બીજી તરફ જિલ્લાના તમામ તાલુકામાં યુરિયા ખાતર માટે ખેડૂતોને ધરમના ધક્કા ખાવા પડી રહ્યા છે. જો યુરિયા ખાતરનો પુરતો જથ્થો હોય તો ખેડૂતોને શા માટે ધક્કા ખાવા પડે છે ? એ પણ એક પ્રશ્ન ઉભો થયો છે. ખેતીના પાકોને જરૂરીયાતના સમયે યુરિયા ખાતર નહી મળે તો જિલ્લામાં લીલા દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઉભી થશે. એક તરફ ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ સરકારમાં રજુઆત કરી આશ્વાસન આપી રહ્યા છે. તો બીજી તરફ ખેડૂતો ચાલુ વરસાદે યુરિયા માટે લાઈનોમાં ઉભા રહેવું પડે છે.

# ૧૦૮ની ટીમે મધ્યરાત્રિએ વાડી વિસ્તારમાં જોખમી સગર્ભાની નોર્મલ ડિલિવરી કરાવી

લાઠી, તા.૨૨

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળીયા ગામના વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાંતિય પરિવારના ટીનુબેન ભાઈલાલ ભાંભોરને મધ્ય રાત્રિએ પ્રસુતિની અસહ્ય પીડા ઉપડતાં ખેત માલીક ચીમનભાઈ દ્વારા ૧૦૮ ઈમરજન્સીને જાણ કરવામાં આ હતી. વરસાદ ચાલુ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ વાડી વિસ્તારમાં જઈ શકે તેમ ન હોવાથી ઈએમટી બિપીનભાઈ ખેતરીયા, પાઈલોટ હિતેશભાઈ રાજયગુરુ જરુરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ



કરતા દર્દીને અસહ્ય પ્રસુતિનો દુ:ખાવો હોવાથી તથા બાળકનું માથું બહાર આવી ગયું હોવાથી સ્થળ પર જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી. જે બાદ માતા-બાળકને દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જેને લઈ દર્દીના સગા સંબંધીઓએ ૧૦૮ ના કર્મચારીનો આભાર માન્યો હતો. ઉપરાંત ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ લાઠી ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલના સ્માર્ટ કલાસમાં ચંદ્રયાન-૩નું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું

એક સાથે ૩૦૦૦ વિદ્યાર્થીઓએ ચંદ્રયાન લોંચીગ લાઈવ નિહાળ્યું

અમરેલી, તા. ૨૨



ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અને અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલીત શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા પ્રાથમિક / ઉ.મા. શાળા, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ શાળાના સંયુકત ઉપક્રમે ઈસરો દ્વારા ભારતનું ચંદ્રયાન-૩નું જીવંત પ્રસારણનું વિદ્યાસભા સ્કૂલના સ્માર્ટ કલાસીસ અને ડિજિટલ કલાસીસમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ખુબ જીજ્ઞાશાથી આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને ચતુરભાઈ ખુંટ સહિતના ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી પોલીસ સ્ટેશનમાં ફોનથી ધમકી આપનાર એમપીનો શખ્સ ૧૫ વર્ષે ઝડપાયો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત અમરેલી પોલીસ સ્ટેશનમાં ફોનથી ધમકી આપનારો અને છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા મધ્યપ્રદેશના આરોપીને અમરેલી રૂરલ પોલીસે ઝડપી લીધો હતો. મધ્યપ્રદેશના અલીરાજપુરના ભાભરા તાલુકાના બડીપોલના ચંદનભાઈ રણમણભાઈ ઉર્ફે અમનસિંહ બામનીયા (ઉ.વ.૩૬)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કામગીરી પ્રોબેશનર આઈપીએસ અમરેલી ગૌરવ અગ્રવાલ, નાયબ પોલીસ અધિક્ષક અમરેલી વિભાગના જે.પી.ભંડારી તથા અમરેલી પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# અમરેલી શહેરમાંથી બાળ મજૂરોને મુક્ત કરાવાયા

અમરેલી, તા.૨૨

અમરેલી શહેરમાં પોલીસ દ્વારા બાળ મજુરોને શોધી મુકત કરાવવાનું અભિયાન ચલાવાઈ રહ્યુ છે. જે અંતર્ગત અમરેલી શહેરમાંથી બાળકોને મુકત કરાવાયા છે. બાળ મજૂરોને કામ પર રાખવા ગુનો હોવાનું જાણવા છતાં કેટલાક લોકો આમ કરીને કાયદાનો ભંગ કરી રહ્યા છે. અમરેલીમાંથી પોલીસે બાળ શ્રમિકોને મુક્ત કરાવી બાળ સંરક્ષણ ગૃહમાં કલી આપ્યા હતા. શહેરમાં મુરલીધર પાન એન્ડ કોલ્ડ્રીંકસ તથા ફ્રુટ શાકભાજી, ફોરવર્ડ સર્કલમાંથી બાળ શ્રમિકોને મુક્ત કરાવી બાળ સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશના હેડ કોન્સ્ટેબલ એસ. એમ.વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ભુલથી ઝેરી પાવડર પીતાં યુવતિનું મોત

ચક્કર આવતા હોવાથી અજાણતા ઝેરી દવા પી લીધી

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલામાં રહેતી એક યુવતિને ચક્કર આવતાં હોવાથી તેણે ભૂલથી અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લેતા મરણ પામી હતી. આ અંગે અરવિંદભાઈ ભાણજીભાઈ ચૌહાણ (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી રિદ્ધીબેન (ઉ.વ.૧૮)ને ચક્કર આવતા હોવાથી દવાખાને લઈ જતા તેણે જણાવ્યું કે, ભુલથી અનાજમાં નાંખવાની ઝેરી દવા પાવડર પી લીધો છે, જેના કારણે મોત થયું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશના હેજ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ વધુ તપાસ કરી રહ્યા છે. પીપાવાવ ધામ ખાતે રહેતા શાંતિભાઈ ઉર્ફે કાળુભાઈ ઘુઘાભાઈ ગુજરીયા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, લખમણભાઈ ભોજાભાઈ ગુજરીયા (ઉ.વ.૪૫) જોલાપર ગામે ભગવાનભાઈ વાજસુરભાઈ વાઘની વાડીનુ રખોપું કરતા હતા. પીપાવાવધામ ગામેથી સાંજના ટીફીન લઈને વાડીએ જવા નીકળ્યા તે દરમિયાન જોલાપર હાડકો નેરણામા અકસ્માતે કોઈ કારણોસર પડી જવાથી મરણ પામ્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એમ.કે.પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



**-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં,અમરેલી//-**

અપીલ રજી.નં.૮૬/૨૦૨૩

**અરજદાર** :- શ્રી મધુભાઈ ભગવાનભાઈ દુધાત,
રે.સરંભડા, તા.જિ.અમરેલી,

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સરંભડા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામના રહીશ શ્રી મધુભાઈ ભગવાનભાઈ દુધાતએ તેઓની પુત્રી રેખાબેન મધુભાઈ દુધાતનો જન્મ તા.૦૧/૦૩/૧૯૭૧ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૭/૦૭/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**

LAKSHYA EDUCATION
એડમિશન ચાલુ છે
ધોરણ ૧૦/૧૨ પછી?
હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર (S.I.)
ફાયર સેફ્ટી
ANM
GNM
B.Sc. (Nursing)
PBSC
SC/ST વિદ્યાર્થીઓને સ્કોલરશીપ
NIOS બોર્ડમાં ધોરણ 10/12 (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ) નો અભ્યાસ પૂરો કરી કારકિર્દી બનાવો
Gandhinagar - Ahmedabad - Rajkot
Junagadh - Amreli - Surendranagar
Contact : 7043819956 / 9510140937
lakshyaeducationamreli@gmail.com
http://lakshyaeducation.org.in/
બીજો માળ, સંસ્કાર કોમ્પલેક્ષ લાઠી રોડ, અમરેલી

વેચવાનો છે
ઈંડસ્ટ્રીયલ પ્લોટ બિલ્ડીંગ સાથે
GIDC અમરેલી-ગુજરાત
ખૂબ જ મોકાની સૌથી મોટો પ્લોટ અમરેલી જી.આઈ.ડી.સી માં ઉપરાંત પ્રચલિત શીતલ આઈસ્ક્રીમની બાજુમાં ઈન્ડ્રસ્ટ્રીયલ યુનીટ ૪૦૦૦૦ ફૂટ(૪૦ વસા) ૧૬૦૧૪ સ્કેવર.ફૂટ બિલ્ડીંગ બાધકામ સાથે જી.આઈ.ડી.સી અમરેલીમાં વેચવાનો છે.
(બ્રોકર મિત્ર આવકાર્ય છે.)
સંપર્ક
મો.: +91 8375856577. Email : nirav.tsc@gmail.com

**-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં,અમરેલી//-**

અપીલ રજી.નં.૮૩/૨૦૨૩

**અરજદાર** :- શ્રી દેવાણી શાંતાબેન લવજીભાઈ,
રે.લાખાણી શેરી, સણોસરા, તા.જિ.અમરેલી,

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સણોસરા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સણોસરા ગામના રહીશ શ્રી દેવાણી શાંતાબેન લવજીભાઈએ તેઓના પુત્રશ્રી જયસુખભાઈ લવજીભાઈ દેવાણીનો જન્મ તા.૦૫/૦૮/૧૯૬૮ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૭/૦૭/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અપહરણ, દુષ્કર્મના ગુનામાં ફરારઆરોપી ૩ વર્ષેઝડપાયો



અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીને ઝડપી કાર્યવાહી કરવા એસપી હિમકર સિંહે સૂચના અને માર્ગદર્શન આપ્યું છે.

જેના અનુસંધાને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના અપહરણ તેમજ દુષ્કર્મના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો અને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. મૂળ મધ્યપ્રદેશના ધાર જીલ્લાના ધાવડીયા ફળીયા, પીપરાણીનો રહેવાસી મુકેશભાઈ રાજુભાઈ અલવા (ઉ.વ.૨૭) છેલ્લા ત્રણ વર્ષથી ઉપરોક્ત ગુનામાં ફરાર હતો. જેને ઝડપી કાર્યવાહી કરવામા આવી હતી. આ કામગીરી પ્રોબેશનર આઈપીએસ, અમરેલી તાલુકા, ગૌરવ અગ્રવાલે અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.પી.ભંડારી તથા પોલીસ ટીમ સાથે સંકલનમાં રહીને કરી હતી.

# ધારીમાંપરિવારનેગાળોઆપીજાનથી મારવાનીધમકીઆપતાંઝેરીદવાપીધી

ધારી, તા.૨૨

ધારીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક યુવક તથા તેના પરિવારને ગાળો આપી, ખોટી રીતે બદનામ કરી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. જેને લઈ યુવકને લાગી આવતાં ઝેરી દવા પીધી હતી. આ અંગે ધારી જુના સિનેમા રોડ પર રહેતા હરેશભાઈ મુળજીભાઈ દાફડા (ઉ.વ.૩૩) એ વિપુલભાઈ જેઠાભાઈ ગોહિલ, પુષ્પાબેન વિપુલભાઈ ગોહિલ તથા સવજીભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, હરેશભાઈની કૌટુંબિક બહેનને વિપુલભાઈ ગોહિલના ભાઈ રાજુભાઈ જેઠાભાઈ ગોહિલ ભગાડીને લઈ ગયા હતા અને લગ્ન કરી લીધા હતા. જે અંગે તેમના પરિવારે કાંઈ વાધો લીધો ન હોવા છતા આ કામના આરોપીઓએ અવાર-નવાર તેમને તથા તેના પરીવારને ગાળો દઈ જાહેરમાં ખોટી રીતે બદનામ કરતા હતા. તેમને ગાળો આપી તથા પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં લાગી આવ્યું હતું અને પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવાનો પાઉડર પી લીધો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંબેસ્થળેથીબાઈકપરથતી દારૂનીખેપઝડપાઈ:૪૨બોટલજપ્ત

બંને કેસમાં આરોપીઓ પરપ્રાંતીય

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં પરપ્રાંતીયો કામકાજ માટે મોસમ દરમિયાન મોટી સંખ્યામાં આવીને વસે છે, જેમાંથી કેટલાક તેમની સાથે વિવિધ પ્રકારના દૂષણ પણ લઈને આવે છે.

જિલ્લામાં બે સ્થળેથી પોલીસે બાઈક પર થતી દારૂની હેરફેર પકડીને ૪૨ બોટલ જપ્ત કરી હતી. મોણપુર ગામે ધરાઈ રોડ પરથી બાબરામાં વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના મહોબતભાઈ નસરૂભાઈ વસુનીયા (ઉ.વ.૨૨) અમદાવાદ પાસિંગના બાઈક પર ભારતીય બનાવટના વિદેશી દારૂની ખેપ મારતા ઝડપાયા હતા.

તેમની પાસેથી ૧૦ બોટલ, બાઈક સહિત રૂપિયા ૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. દહીંડા ગામે રાંઢીયા જવાના રસ્તે સ્કૂલ પાસેથી દહીડા ગામે વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના કેશરભાઈ ભીમસિંગ ઉર્ફે રૂમાલભાઈ મોવાડા (ઉ.વ.૨૫) અમદાવાદ પાસિંગના બાઈક પર ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ખેપ મારતા ઝડપાયા હતા. તેની પાસેથી વિવિધ બ્રાંડની ૩૨ બોટલ સહિ૩ ૨૧,૪૭૨ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. બંને સામે પ્રોહિબિશન ધારા હેઠળ કેસ નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી

# અમરેલીજિલ્લાજેલામાંથી મોબાઈલ,ચાર્જરમળ્યા

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા જેલ વધુ એક વખત ચર્ચામાં આવી છે. થોડા સમય પહેલા રાજ્યની તમામ જેલમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી.

પરંતુ થોડા સમય બાદ આ કામગીરી ઢીલી પડી ગઈ હતી. અમરેલીની જિલ્લા જેલમાંથી મોબાઈલ ફોન, ચાર્જર મળી આવ્યા હતા. આ અંગે જેલર ગ્રુપ-૨નાં કલ્યાણભાઈ ગઢવી (ઉ.વ.૫૨)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અમરેલી જીલ્લા જેલમા યાર્ડ નં.૧ ની બેરેક નં.૨ ની બેરેકની અંદર આવેલા શૌચાલયમાં લોંખડના દરવાજાની સાઈડની પટ્ટીના નીચેના ભાગે ખાડો કરીને પ્લાસ્ટીકની કોથળીમાં રાખેલો મોબાઈલ ફોન, બેટરી, ચાર્જર મળી આવ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.ઈ આર.એન.માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાંજુનાતાપડીયાઆશ્રમખાતે શિવમહાપુરાણજ્ઞાનયજ્ઞનોપ્રારંભ

બાબરાના શાસ્ત્રી જીતુદાદા જોષી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે



બાબરા, તા.૨૨

બાબારમાં જુના તાપડીયા આશ્રમ ખાતે શ્રી તાપડેશ્વર મહાદેવના સાનિધ્યમાં શિવ મહાપુરણ જ્ઞાન યજ્ઞનો પ્રારંભ થયો છે. ૩૧ જુલાઈ સુધી દરરોજ બપોરના ૩થી ૬ વાગ્યા સુધી કથા યોજાશે. શુક્રવારે કાંકરિયા ચોરા રામજી મંદિરથી પોથીયાત્રા નીકળી હતી, જેમાં તાપડિયા આશ્રમના મહંત પૂજ્ય ઘનશ્યામદાસ બાપુ, રિધેશ્વર મહાદેવ મંદિરના મહંત ગણપત બાપુ સહિતના સાધુ સંતો અને મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. બાબરાના વિદ્વાન શાસ્ત્રી જીતુદાદા જોષી તેમની સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. કથા દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

# જાફરાબાદમાંથી જુગાર રમતાં ચાર માછીમાર રોકડા ૪૭૩૦સાથેઝબ્બે

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદમાંથી પોલીસે જુગાર રમતાં ચાર માછીમારોને રોકડા ૪૭૩૦ સાથે ઝડપી કાર્યવાહી કરી હતી. કામનાથ મહાદેવ મંદિરની પાછળથી અભયભાઈ શંકરભાઈ સોલંકી ઉર્ફે આંધરીવાળા, કિરણભાઈ કિશોરભાઈ સોલંકી ઉર્ફે મઢેમયવાળા, આકાશભાઈ નારણભાઈ સોલંકી ઉર્ફે ભાષાવાળા, કૈલાસભાઈ ઉકાભાઈ બાંભણીયા ઉર્ફે બોબડાવાળા હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૪૭૩૦ સાથે ઝડપાયા હતા.

પોલીસ ચોપડે તમામ ઈસમો માછીમારી કરતાં હોવાનું જાહેર થયું હતું. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ.વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૨૮ |
| જુવાર સફેદ | ૯૦૦ | ૧૦૩૦ |
| જુવાર પીળી | ૫૨૦ | ૫૮૦ |
| બાજરી | ૩૧૮ | ૪૪૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૭૬ |
| ચણા પીળા | ૮૯૦ | ૯૯૫ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૯૪૭ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૧ |
| મગ | ૧૨૫૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૨૯૧૧ | ૩૨૧૦ |
| વાલ પાપડી | ૩૦૯૦ | ૩૩૨૫ |
| ચોળી | ૨૦૦૦ | ૨૩૬૨ |
| વટાણા | ૧૦૧૮ | ૧૨૨૫ |
| કળથી | ૧૩૨૫ | ૧૬૮૫ |
| સીંગદાણા | ૨૧૦૦ | ૨૪૫૦ |
| મગફળી જાડી | ૧૪૦૦ | ૧૬૯૩ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૬૨૧ |
| તલી | ૩૦૦૦ | ૩૫૦૦ |
| સુરજમુખી | ૬૩૦ | ૮૦૧ |
| એરંડા | ૧૧૩૫ | ૧૨૬૩ |
| અજમો | ૨૪૦૦ | ૩૬૦૦ |
| સુવા | ૩૪૦૦ | ૩૬૦૦ |
| સોયાબીન | ૮૭૮ | ૯૩૦ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૯૧૦ |
| કાળા તલ | ૨૭૨૦ | ૩૩૫૬ |
| લસણ | ૧૧૫૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૨૪૦ | ૧૫૪૦ |
| ધાણી | ૧૩૫૦ | ૨૦૨૦ |
| વરીયાળી | ૪૦૦૦ | ૪૪૨૪ |
| જીરૂ | ૧૦૨૦૦ | ૧૧૯૫૧ |
| રાય | ૧૧૫૦ | ૧૩૩૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૪૭૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૯૪૦ | ૧૦૨૫ |
| રજકાનું બી | ૩૩૦૦ | ૪૨૦૦ |
| ગુવારનું બી | ૧૧૮૦ | ૧૨૧૮ |

### રાજકોટ(શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૨૫૦ | ૫૫૦ |
| લીંબુ | ૨૫૦ | ૪૭૦ |
| પપૈયા | ૨૩૦ | ૪૬૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૫૫ | ૩૩૧ |
| ટમેટા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મુળા | ૪૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૭૦૦ | ૧૧૦૦ |
| કોબીજ | ૩૩૦ | ૬૧૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૭૮૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૫૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૩૦ | ૭૬૦ |
| ટીંડોળા | ૪૫૦ | ૮૫૦ |
| દુધી | ૩૫૦ | ૬૭૦ |
| કારેલા | ૬૫૦ | ૧૧૮૦ |
| સરગવો | ૩૫૦ | ૬૩૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૧૫૦ |
| પરવર | ૪૬૦ | ૧૧૨૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૫૦ | ૮૨૦ |
| વટાણા | ૧૫૫૦ | ૨૨૦૦ |
| ગલકા | ૩૩૦ | ૭૩૦ |
| બીટ | ૨૨૦ | ૪૫૦ |
| મેથી | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૬૫૦ |
| આદુ | ૨૫૦૦ | ૩૧૫૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૩૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૫૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૬૦૦ | ૧૭૦૦ |
| શિંગમોટી | ૧૧૬૫ | ૧૮૨૧ |
| શિંગાદાણા | ૧૭૦૦ | ૨૩૦૦ |
| શિંગફાડા | ૧૪૨૫ | ૧૮૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૩૬૪૫ |
| તલકાળા | ૧૫૦૦ | ૩૩૪૩ |
| તલ કાશ્મીરી | ૩૪૦૬ | ૩૪૩૧ |
| બાજરો | ૩૬૬ | ૪૨૦ |
| જુવાર | ૫૮૦ | ૯૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૩ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૫૧૬ |
| મગ | ૬૫૦ | ૧૬૫૧ |
| ચણા | ૬૫૫ | ૯૯૦ |
| કપાસ | ૯૬૮ | ૧૪૪૮ |
| એરંડા | ૧૧૪૨ | ૧૨૩૦ |
| ધાણા | ૧૦૬૦ | ૧૫૫૦ |
| ધાણી | ૧૦૭૫ | ૧૫૬૦ |
| અજમા | ૨૩૨૫ | ૨૩૨૫ |
| મથી | ૭૦૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૮૯૯ | ૯૩૩ |

### અમરેલી(શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૨૮૦ |
| રીંગણાં | ૪૫૦ | ૬૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૩૮૦ |
| શક્કરિયા | ૬૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૧૫૦૦ | ૨૭૦૦ |
| સુરણ | ૭૫૦ | ૮૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૫૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૩૫૦ | ૪૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સૂકું | ૧૮૦૦ | ૨૦૫૦ |
| શીંગચોળા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ-મોટી | ૧૩૫૧ | ૧૬૨૧ |
| શીંગ-દાણા | ૧૮૦૦ | ૧૯૫૧ |
| તલ-સફેદ | ૩૦૫૧ | ૩૭૦૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૩૦૦ |
| કપાસ | ૧૧૮૦ | ૧૩૮૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૯ |
| બાજરો | ૪૦૦ | ૪૪૦ |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ચણા | ૯૦૦ | ૯૮૧ |
| એરડી | --- | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૦૭ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૬૦ | ૯૩૫ |
| ઘઉં લોકવન | ૪૪૮ | ૪૫૮ |
| સોયા | ૭૦૦ | ૯૦૩ |
| મગફળી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| રાય | ૯૦૧ | ૯૦૧ |
| શીંગ દાણા | ૨૧૦૧ | ૨૧૭૫ |
| જુવાર | ૫૫૧ | ૫૫૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૦૦ |
| બાજરો | ૩૯૫ | ૩૯૫ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળીજી-૨૦ | ૧૪૫૦ | ૧૭૩૫ |
| સીંગદાણા | ૧૮૫૦ | ૨૩૫૮ |
| બાજરીહાઈબ્રીડ | ૪૦૦ | ૪૫૪ |
| ઘઉં | ૪૧૧ | ૫૦૩ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૭૮ |
| મગ | ૧૪૫૪ | ૧૭૯૦ |
| અડદ | ૧૪૮૦ | ૧૭૫૫ |
| એરડીં | ૧૦૧૧ | ૧૨૩૪ |
| ચણા | ૮૧૦ | ૯૫૬ |
| સફેદ તલ | ૨૬૮૦ | ૩૫૩૪ |
| કાળા તલ | ૨૬૨૦ | ૩૩૮૨ |
| સોયાબીન | ૯૧૫ | ૯૫૬ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૪૬ | ૬૬૬ |
| મગફળીજીણી | ૧૧૦૧ | ૧૬૨૧ |
| મગફળીજાડી | ૧૦૧૧ | ૧૭૫૦ |
| મગફળીનવી | ૯૫૦ | ૧૪૫૦ |
| સિંગદાણાજાડા | ૧૭૦૧ | ૨૪૨૧ |
| શીંગ ફાડીયા | ૯૯૧ | ૧૮૩૧ |
| એરંડા/એરંડી | ૧૦૩૧ | ૧૨૫૧ |
| તલ/તલી | ૩૦૦૦ | ૩૫૯૧ |
| તલ કાળા | ૨૯૦૧ | ૩૫૦૧ |
| જીરૂ | ૫૬૦૧ | ૧૧૯૫૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૭૬ |
| લસણ સુકું | ૮૨૬ | ૨૧૨૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૩૧૬ |
| બાજરો | ૨૫૧ | ૪૮૧ |
| જુવાર | ૬૭૬ | ૬૭૬ |
| મકાઈ | ૩૦૧ | ૪૦૧ |
| મગ | ૧૩૨૬ | ૧૭૬૧ |
| ચણા | ૮૫૧ | ૧૦૧૧ |
| વાલ | ૧૦૦૧ | ૩૩૭૬ |
| અડદ | ૧૧૭૬ | ૧૬૩૧ |
| ચોળા/ચોળી | ૨૪૦૧ | ૨૪૦૧ |
| તુવેર | ૭૦૧ | ૧૯૧ |
| સોયાબીન | ૭૫૦ | ૯૩૧ |
| રાયડો | ૯૨૬ | ૯૭૧ |
| રાય | ૧૨૪૧ | ૧૨૪૧ |
| મેથી | ૧૧૭૬ | ૧૬૧૧ |
| રજકાનું બી | ૨૬૨૬ | ૨૬૨૬ |
| અરીઠા | ૬૧૧ | ૬૧૧ |
| ગોગળી | ૯૫૧ | ૧૪૧ |
| વટાણા | ૪૫૧ | ૧૧૯૧ |
| સફેદ ચણા | ૧૪૫૧ | ૨૪૭૬ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૦૬ |
| ચણા | ૮૨૪ | ૮૭૭ |
| તલ | ૩૫૦૫ | ૩૫૦૫ |
| સોયાબીન | ૮૭૧ | ૮૭૧ |
| તુવેર | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૪૦૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૩૦૫૦ | ૩૫૦૦ |
| શીંગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૨૧ |
| બાજરો | ૪૧૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૮૦ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ચાણા | ૮૦૦ | ૯૫૦ |
| સોયાબીન | ૯૧૦ | ૯૧૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૨ |
| ઘઉ | ૩૮૦ | ૪૭૧ |
| ચણા | ૮૦૦ | ૯૬૬ |
| મગફળી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| શિંગ દાણા | ૧૭૦૦ | ૨૨૮૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૩૪૪૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૨ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૫૨૧ | ૧૫૨૧ |
| શીંગ દાણા | ૧૮૨૧ | ૨૨૨૩ |
| શીંગ જી-૨૦ | ૧૨૭૫ | ૧૬૯૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જુવાર | ૪૭૨ | ૧૧૪૮ |
| બાજરી | ૩૮૦ | ૪૬૭ |
| ઘઉં ટુકડા | ૪૩૭ | ૫૫૧ |
| અડદ | ૧૪૮૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૯૩૩ | ૯૩૩ |
| ચણા | ૮૦૦ | ૯૬૨ |
| તલ સફેદ | ૨૯૦૧ | ૩૫૮૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૩૨૬ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લાલ | ૬૪ | ૩૪૬ |
| ડુંગળી સફેદ | ૭૨ | ૧૬૨ |
| નાળીયેર | ૬૫૦ | ૧૭૫૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| બાજરી | ૩૫૦ | ૪૧૦ |
| ઘઉં | ૩૯૦ | ૪૮૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૭૫ |
| ચણા | ૮૫૦ | ૯૭૯ |
| મગફળી-જીણી | ૧૨૦૦ | ૧૬૩૦ |
| મગફળી જાડી | ૧૨૧૦ | ૧૫૫૦ |
| એરડા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| તલી | ૨૦૦૦ | ૩૫૫૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૫૫ |
| રાયડો | ૯૦૦ | ૧૦૧૧ |
| રાય | ૧૦૦૦ | ૧૨૫૦ |
| લસણ | ૫૫૦ | ૨૧૦૫ |
| કપાસ | ૮૫૦ | ૧૪૪૫ |
| જીરૂ | ૧૧૦૩૫ | ૧૧૯૦૫ |
| અજમો | ૩૪૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૬૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| સીંગ દાણા | ૧૨૭૫ | ૨૨૭૦ |
| સોયાબીન | ૮૫૦ | ૯૨૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૬ | ૧૪૫૪ |
| મગફળી | ૧૨૮૦ | ૧૬૨૦ |
| ચણા | ૮૯૦ | ૯૮૦ |
| ઘઉં | ૪૨૬ | ૪૭૪ |

## અવસાન નોંધ

### અમરેલી

સ્વ. કમળાબેન છોટાલાલ મહેતા (ઉ.વ.૯૮)નું દુઃખદ અવસાન થયેલ છે. તે વ્રજલાલ છોટાલાલ મહેતા, ભાનુશંકર છોટાલાલ મહેતા, દિનેશભાઈ છોટાલાલ મહેતા, પ્રવિણભાઇ છોટાલાલ મહેતા, અરવિંદભાઈ છોટાલાલ મહેતા, ભાનુબેન, વિમળાબેન, લીલાવતીબેનના માતા અને મુગટલાલ ખભોળિયા અરુણભાઈ દવે, મહેદ્રભાઈ પંડ્યાના સાસુ થાય છે. તેમનું બેસણું તા.૨૪-૦૭-૨૦૨૩ને સોમવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે સ્વામિનારાયણ નગર ૧, હરપાલભાઈ ધાધલના ઘરની બાજુમાં રાખેલ છે.

### વડિયા

સ્વ કાળુદાસ લક્ષ્મણદાસ દેવમુરારી(ઉ.વ.૫૭) નુ તા. ૨૨/૭/૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે દિનેશભાઈ, અશોકભાઈ, નિલેશભાઈ દેવમુરારીના ભાઈ તથા કમલદાસ,નિરાલીબેન અને અંજલીબેનના પિતાશ્રી થાય છે.


ખેતીના તમામ પાક માટે ઉપયોગી
ગાય આધારિત પ્રવાહી પ્રોડક્ટ



૧૦૦ ટકા ઓર્ગેનિક ૧૫ એમએલનું પાઉચ ૧૫ લીટરના એક પંપ માટે જરૂરી. ખેતી ખર્ચ ઘટાડો, રેગ્યુલર છંટકાવ કરો.
આપના ગામમાં કામગીરી માટે સંપર્ક કરો.... મો.૯૪૨૬૯૮૯૫૭૬



આપના અમરેલી શહેરમાં જ અદ્યતન સુવિધા સાથેની હોસ્પિટલ એટલે...
સુદાણી ચિલ્ડ્રન હોસ્પિટલ




ડો. શૈલેષ પટેલ (સુદાણી) M.D.(Paedintrician & Neuona to logist)
ડો. હિરલ પટેલ (સુદાણી) B.H.M.S.
સ્થળ : કેરીયા રોડ, ન્યુબર્ગ સુપ્રાટેક લેબોરેટરીની સામે, રેલ્વે ક્રોસીંગ નજીક, અમરેલી મો.૯૮૭૯૮ ૬૭૮૭૧
અહી ઉપલબ્ધ સારવારો
- જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોને થતા રોગોનું નિદાન અને સારવાર
- નવજાત શિશુનું અદ્યતન સઘન સારવાર કેન્દ્ર, કાંચની પેટી (NICUI Level-3)
- ગંભીર બાળકોની સારવાર માટેનું કેન્દ્ર (PICU)
- સંપુર્ણ રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુનાં કમળાની સારવાર અને વધુ પડતા કમળા માટે લોહી બદલવાની સુવિધા
- શ્વાસના રોગોની સારવાર માટે નેબ્યુલાઈઝર
- સેન્ટ્રલ ઓક્સિજન લાઈન
- વેલબેબી ક્લીનીક
- મેડીક્લેઈમની સુવિધા
- જનરલ, સેમીસ્પેશ્યલ, સ્પેશ્યલ અને ડિલક્ષ રૂમની સુવિધા
- સર્પદંશ, ઝેરી પિંછી, ઝેરી દવાની સારવારની સુવિધા
કેસ નોંધાવવા માટે મો.૯૮૭૯૮ ૬૭૮૭૧
તહેવારોમાં પણ હોસ્પિટલ નિયમીત શરૂ રહેશે





કાર, બાઈક, ટ્રેકટર, સનેડો / મીની ટ્રેકટર, ટ્રોલી, ટ્રક, છોટાહાથી, બોલેરો, બસ તમામ વાહન માટેના
ટાયર - ટ્યુબ, બેટરી, ઓઈલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ - ધરા, જેક - ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા
TVS TYRES, YOKOHAMA, CEAT, Veedol, BOSCH, HP, MRF, JK TYRE, MICHELIN, Castrol, TAPARIA
સંજય ટાયર્સ - દુ.નં.૧૪-૧૫-૧૬, બ્રાહ્મણ બોર્ડિંગ, અજમેરા સ્કૂલ સામે, બસસ્ટેશન રોડ, અમરેલી
સંજય ટ્રેડ લીંક - સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શોરૂમ પાસે, અમરેલી

# કાર ખરીદવામાં પાવરધા, ચલાવવામાં ઢ!



**વિચાર વલોણું** — જયવંત પંડ્યા



અમદાવાદમાં ઈસ્કૉન સેતુ બુધવારે ૧૯ જુલાઈની રાત્રે ડમ્પર અને મહિન્દ્રા થાર વચ્ચે એક અકસ્માત થયો હતો. આ અકસ્માત જોવા લોકો ટોળે વળી ઊભા હતા ત્યાં એક પૂરપાટ આવતી જેગુઆર કારના ચાલકે કાર નવ લોકો પર ચડાવી તેમને કચડી નાખ્યા. આ ઘટનાના સમાચાર હજુ તો ચાલી રહ્યા હતા ત્યાં ઈસ્કૉન સેતુ પર ચાર કાર ટકરાવાના અકસ્માતના સમાચાર આવ્યા.

કેમ થાય છે આ અકસ્માત? આ રીતે કાર અનિયંત્રિત ચલાવનારાઓને કેમ ડર નથી? બહુ-બહુ તો કૉર્ટ કેસ થાય, તેમાં જામીન મળી જાય એટલે કોઈ ડર નથી?

કાયદો શું કહે છે? ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ મુજબ, કોઈ જો અનિયંત્રિત વાહન ચલાવે જેનાથી માનવ જોખમમાં મૂકાય તો કેટલો દંડ છે, જાણો છો? છ મહિનાની જેલ અથવા રૂ. ૧,૦૦૦ અથવા બંને! જે ધનિક પુત્રો હોય તેમને તો આ ચણામમરા બરાબર જ લાગે ને.

પરંતુ જો માનવ હત્યાની કલમ ૩૦૨ લગાડવામાં આવે તો તેના હેઠળ દેહાંત દંડ એટલે કે ફાંસી થઈ શકે.

પરંતુ શું દર વખતે કાર બેફામ ચલાવીને લોકોને કચડે જ છે? ઉત્તર છે, ના. ઝૂમ્મમ.. દઈને તમારી પાસેથી એકદમ નજીકથી પસાર થઈ જાય અથવા તો સામેથી ઑવરટેક કરવા રૉંગસાઇડે ધસી આવે ને તમારે ફૂટપાથ પર નીચે ઉતરી જવું પડે. આ વખતે જે ધ્રાસકો પડે તેમાં ભલભલા નિરોગીનું બીપી વધી જાય. જે ગાળો બોલતા હોય તે મનમાં બેચાર ચોપડાવી દે. પરંતુ કરી શું શકાય?

કંઈ નહીં.

જો મરી જાય કે હાડકાં ભાંગી નાખે તેવા કેસોમાં પણ દોષી પૂરવાર થવાનો ગુણોત્તર ખૂબ જ નિમ્ન છે. સૌથી મોટો કેસ તો સલમાન ખાનનો જ છે. મુંબઈના ૨૦૦૨ના હિટ ઍન્ડ રન કેસમાં સર્વોચ્ચમાં સલમાન ખાન નિર્દોષ છૂટી ગયો હતો. આ કેસનો અંતિમ ચુકાદો છેક તેર વર્ષ પછી આવ્યો. તેમાંય ન્યાય તો મળ્યો જ નહીં. ૨૦૧૫ના વૃત્તાંત મુજબ, પુરાવા ભેગા કરવાની પ્રણાલિ, લાંબા ચાલતા ખટલાઓ વગેરેના કારણે અકસ્માત કરનારા બચી જતા હોય છે. આવા કેસોમાં ધનિકો મોંઘા વકીલોને ભાડે રાખીને પોતાને અનુકૂળ ચુકાદો અપાવી અથવા જામીન મેળવી છટકી જતા હોય છે. આપણું ન્યાયતંત્ર આરોપીઓ અથવા દોષિતોને જામીન આપવામાં આમેય ઉદાર છે. સર્વોચ્ચ ન્યાયાલય તો આના માટે જાણીતું છે. તેણે તો નીચલા ન્યાયાલયોને જામીન આપવામાં કંજૂસાઈ ન રાખવા કહ્યું હતું. (ટાઇમ્સ ઑફ ઈન્ડિયા, ૧૭ ડિસેમ્બર ૨૦૨૧)

ઘણી વાર મૃતકના સગા જો ગરીબ હોય તો ધનવાન પિતા સારું વળતર આપી દે તો પણ દોષિત છૂટી જતો હોય છે. આના પરિણામે સમાજમાં દાખલો બેસવો જોઈએ તે બેસતો નથી.

અમદાવાદના ઉક્ત અકસ્માતના કિસ્સામાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ચાર લાખ રૂપિયાની સહાય મૃતકોના પરિવારને જાહેર કરી પરંતુ શું ઘરના એક કમાનાર કે નહીં કમાનારની કિંમત માત્ર રૂ. ચાર લાખ? એટલી તો તેની એક વર્ષની આવક હશે ! તે સિવાયનાં વર્ષોનું શું? અને આ સહાય સરકાર આપે એટલે કે લોકોના વેરામાંથી ચૂકવાય, તો લોકો શા માટે કોઈ બીજાના ગુનાની સજા આર્થિક રીતે ભોગવે? આ રકમ તો કાર ચલાવનારના પરિવાર પાસેથી જ વસૂલવી જોઈએ. ખરેખર તો તેના પરિવારની પૂરી સંપત્તિ જપ્ત કરવી જોઈએ, જેથી તેનો પરિવાર જ તેના નબીરાને કાર ચલાવવા આપતાં સો વાર વિચાર કરે.

બીજું એક કારણ છે જાહેરખબરો. કારની જાહેર ખબરોમાં કાર કેટલી સ્પીડથી ચાલે છે તે પર જોર લગાવવામાં આવે છે. કારની વધુમાં વધુ સ્પીડ કેટલી હોવી જોઈએ તેનું કોઈએ સંશોધન કર્યાનું જાણમાં નથી. પરંતુ ગમે તેવા લિસ્સા રસ્તા હોય તો પણ ક્યાંક કોઈ વાહન ખોટવાયું હોવાથી ઊભું રાખ્યું હોઈ શકે, ભારતમાં રસ્તા પર કોઈ વાહન ખસે એટલે અચાનક ધ્યાન પડે કે ત્યાં તો ગાય બેઠેલી છે, ચાર રસ્તે કોઈ પગપાળા રસ્તો ઓળંગતું હોય, દ્વિચક્રી ચલાવતું હોય કે સાઇકલ ચલાવતું હોય તે આવી શકે. ચોમાસામાં પડેલા ખાડા કે રસ્તાના સમારકામના કારણે ક્યાંક ડાઈવર્ઝન મૂકેલું હોઈ શકે. એટલે કાર ચલાવનારાનું ઉત્તરદાયિત્વ વધે છે કારણકે કાર, ટ્રક, બસ એ ચતુષ્ચક્રી વાહનથી લોકોનો જીવ જવાની શક્યતા વધુ હોય છે. સાઈકલ કે સ્કૂટરથી બહુ-બહુ તો બીજાનાં હાડકાં ભાંગે. હા, પોતાનો જીવ જરૂર જઈ શકે. ત્રીજું કારણ છે, ઉન્માદ. ઘણા યુવાનોને કાં તો છાંટાપાણીનો નશો હોય છે, કાં સાથે બેઠેલા મિત્રોને દેખાડી દેવાનો, કાં ધનનો, કાં બાજુમાં બેઠેલી રૂપકડી યુવતીનો. આ ઉન્માદમાં ચાલકો અનિયંત્રિત ચલાવે છે. ચોથું કારણ છે, સમાજ. જો ચાલક જાળવીને, વ્યવસ્થિત મધ્યમ સ્પીડે ચલાવતો હોય તો તે એક દુર્ગુણ અથવા નબળાઈ લેખાય છે. સાથે બેઠેલા લોકોને ચાલક જેમ ઝડપે ચલાવે તેમ તેને પોરસ ચડાવે છે. તેને ટપારવાના બદલે તેનું પ્રોત્સાહન કરે છે.કોઈ વાર વળી, માબાપ ના પાડે પરંતુ સંતાનો તેમને ઑલ્ડફેશન્ડ, જૂનવાણી, ડરપોક, ઋજુ વગેરે કહી હેઠાં બેસાડી દેતાં હોય છે અને માબાપ પણ 'મને ઉતારી દે, હું તારી સાથે નહીં આવું, રિક્ષામાં ચાલ્યો/ચાલી જઈશ' તેમ કહેવાનું સાહસ નથી રાખતાં.

પાંચમું કારણ છે, કાર કે બાઈક ખરીદવાનું હોય તો તેની પસંદગી પૈસા કેટલા છે તે જોઈને હવે નથી કરાતી, પરંતુ કેટલી મહત્તમ સ્પીડમાં ચાલી શકે છે તેના આધારે કરાય છે અને આ કાર કે બાઈક બનાવતી કંપનીઓ એ રીતની જ નવી-નવી કાર કે બાઈક બનાવતી જાય છે. આથી તેમાં ભલે પેટ્રૉલ-ડીઝલની વધુ ખપત થાય પરંતુ ઝડપથી ગંતવ્ય સ્થાને પહોંચાડી દે છે ને? તેમ વિચારી મોંઘી કાર કે બાઈક લેવામાં આવે છે.

છઠ્ઠું કારણ છે કાર હોવી એટલે બાકીના લોકોથી ઘણા ઉપર છીએ તેવો સામંતવાદી વિચાર. ઘણી વાર એવો અનુભવ થતો હોય છે કે પાછળથી આવી રહેલી કાર હૉર્ન મારે તો તમારે રસ્તો આપી જ દેવાનો. જો તમે આપી શકો તેમ ન હો તો ઉપરાઉપરી હૉર્ન મારવા માંડશે, અને પછી જ્યારે તેને ઑવરટેઈક કરવા મળશે ત્યારે એવી રીતે ઑવરટેઈક કરશે કે તમે પાછળથી અથડાતા રહી જશો. જો તમે કોઈ દુકાન પાસે દ્વિચક્રી લઈને ઊભા હશો અને કારવાળો આવશે તો તે હૉર્ન મારે એટલે તમારે ત્યાંથી ખસી જ જવાનું. કેમ ભાઈ? રસ્તો તમારા એકલાનો છે? તમે તો તોય વેરો બચાવતા હશો. દ્વિચક્રીવાળો તો વેરો ભરે છે. રસ્તાનો વેરો અને આવકવેરો પણ.

સાતમું કારણ છે, કાર ક્યાં ખૂબ ઝડપી ચલાવવી અને ક્યાં મધ્યમ સ્પીડથી તે ખબર ન હોવી. માન્યું કે અમદાવાદનો એ સરખેજ-ગાંધીનગર રાજમાર્ગ હતો જ્યાં આ અકસ્માત થયો પરંતુ રાજમાર્ગનો કેટલોક હિસ્સો શહેરીજનો પણ શહેરની અંદર જવા માટે વાપરતા હોય છે. ઉજાલા ચોકડી, સાણંદ ચોકડી, પ્રહલાદનગર ચાર રસ્તા, કર્ણાવતી ક્લબ, પકવાન ચાર રસ્તા, હાઈકૉર્ટ ચાર રસ્તા, ગોતા ચોકડી વગેરે અનેક જગ્યાએ શહેરીજનોની અવરજવર હોય છે. એટલે તમે અમદાવાદ-મુંબઈ ઍક્સપ્રેસ હાઈવે પર જે ગતિએ કાર ચલાવી શકો તે ગતિએ એસ. જી. હાઈવે કે, ફૉર ઘેટ મેટર, ૨૦૦ ફીટ રિંગ રૉડ પર ન જ ચલાવી શકાય. હા, વૈષ્ણોદેવી સર્કલથી આગળ ગાંધીનગર સુધી કેટલોક ભાગ ખુલ્લો મળી જાય પરંતુ ત્યાં સુધી તો જાળવીને ચલાવવું જ પડે.

આઠમું કારણ છે ટ્રાફિકની સમજ અને ધીરજનો અભાવ. આગળવાળા ઑવરટેઈક માટે રસ્તો ન કરી આપે તો અધીરાઈ આવી જાય છે. ઘણી વાર તો ૧૦૦ મીટરની અંદર ડાબી બાજુ જ સૉસાયટીમાં કારવાળાને વળવું હોય તો પાછળ ચલાવીને જઈ શકે તોપણ એકદમ જમણેથી ઑવરટેઈક કરશે અને સાઈડ બતાવ્યા વગર ડાબી બાજુ વાળશે. આ જ રીતે, રસ્તા પર આગળ નીકળવા ડાબી બાજુથી પણ ઑવરટેઈક કરનારા 'વીર' કારચાલકો હોય છે. કાર હોય કે બાઈક, ડાબી બાજુથી ઑવરટેઈક ન જ કરાય તે સમજ નથી હોતી. વળી, ડાબી બાજુથી ઑવરટેઈક કરીને જાય રસ્તાની વચ્ચોવચ્ચ, એટલે કે તમારી બરાબર આગળ. આ સિવાય ઘણી વાર તમારી પાછળ અડોઅડ આવી રહેલી કાર તમને ઑવરટેઈક કરવા જાય પરંતુ અંદાજ ન હોય અને સામેથી વાહન આવતું હોય એટલે પછી તમને એકદમ દબાવે. જો તમારી ડાબી બાજુ વાહન ન હોય તો વાંધો ન આવે પરંતુ જો ડાબી બાજુ પણ અડોઅડ કાર હોય તો તમે દ્વિચક્રી પર હો તો તમારો મરો થઈ જાય. શ્વાસ અદ્ધર થઈ જાય. હકીકતે, ઑડી, ફૉર્ચ્યુનર, ઈનૉવા, વગેરે મોટી-મોટી ગાડીઓ શહેરની અંદર લઈ જવા માટે બની જ નથી. તમે જરા અભ્યાસ કરજો (કારણકે વિદેશની જેમ ભારતમાં આવાં અભ્યાસ-સર્વેક્ષણ થતાં જ નથી) મોટી-મોટી ગાડીઓનું ચલણ વધ્યા પછી ટ્રાફિક સિગ્નલ કેટલાં વધ્યાં? આજથી દસ વર્ષ પહેલાંની ચાર રસ્તાની તસવીરો જો કોઈએ પાડી હોય અને આજની ચાર રસ્તાની તસવીરો સરખાવીએ તો ખબર પડશે કે લગભગ દર ચાર રસ્તાએ હવે સિગ્નલ નાખવા પડી રહ્યા છે. કારણ?

સાવ સાદું કારણ છે. એક મોટી કારને વળવું હોય એટલે ફરજિયાત બીજાં વાહનોએ ઊભાં રહી જવું પડે. એમાંય આપણે તો લોકો ઉતાવળા. એટલે વાહન આડાં નાખી દે. પહેલાં કારોનું પ્રમાણ ઓછું હતું ત્યારે આવો ટ્રાફિક જામ થતો હતો? ના. એટલે સિગ્નલ નાખવાં જ પડે.પૈસા વાપરતા આવડ્યું પણ નાગરિક સમજ (સિવિકસેન્સ) નથી. એટલે ચાલુ કાર હોય ત્યારે ફૉન પર વાત કરવી, ચાલતી ગાડીએ દરવાજો ઉઘાડી માવો થૂંકવો, કારમાં પરિવાર નાસ્તો પાણી કરવા ગયો હોય તો કારને પાર્ક કર્યા વગર રસ્તા પર જ ઊભી રાખી તેમાંથી નાસ્તા-પાણીના આદેશ (ઑર્ડર, યૂનૉ!) આપે. અને જેમ અંગ્રેજી-ઉર્દૂ પ્રત્યેનો આપણા લોકોમાં અહોભાવ છે અને તે રીતે ગોરા તેમજ ચોક્કસ પંથના લોકો પ્રત્યેનો અહોભાવ છે તેમ કાર લઈને આવનારા પ્રત્યે પણ દુકાન-રેસ્ટૉરન્ટ-ફૂડપાર્લર વાળાનો અહોભાવ જબરો! બીજા બધા લોકો ક્યારનાય લાઇનમાં ઊભા હશે, પણ કારવાળો આવ્યો એટલે તેની પાસે પહેલાં દોડી જશે. ઈવન, પેટ્રૉલ પંપ પર હવા પૂરાવવા જાવ તોય હવા પૂરવાવાળાને કારની હવા પૂરવાની વધુ પડી હશે એટલે કારને ક્યાં ઊભી રાખવી તેનું તે માર્ગદર્શન કરશે અને નિયમ વિરુદ્ધ જઈ પહેલાં કારવાળાની હવા પૂરવાની તેને પડી હશે.

સાવ સાદી વાત છે. એક ૧૨ બાય ૧૦નો ઓરડો હોય તો કેટલા હાથી તેની અંદર આવે અને કેટલા ઉંદર તેની અંદર આવે? રસ્તા પર કાર કેટલી આવે અને દ્વિચક્રી કેટલાં આવે? સરકાર રસ્તા પહોળા કરી-કરીને કેટલા કરશે? બધા જ કારમાં નીકળશે તો વર્ષ ૨૦૧૦માં ચીનમાં ૧૦૦ કિમી સુધી ટ્રાફિક જામ થયો હતો જેને ઉકેલતાં ૧૨ દિવસ લાગ્યા હતા તેવું ભારતમાં થવા લાગે તો નવાઈ નહીં. મેડ્રિડ, હેમ્બર્ગ, વગેરે અનેક શહેરોમાં શહેરની અંદર કાર પર પ્રતિબંધ હવે લાગવા લાગ્યા છે. વિશ્વમાં કાર પ્રત્યેની ઘૃણા ટ્રાફિક જામના લીધે વધતી જઈ રહી છે. સૉશિયલ મિડિયાસાઈટ રેડિટ પર '★★ck cars' નામનો ઑનલાઈન સમુદાય બન્યો છે જેમાં કારની પર્યાવરણ, સમુદાય, સુરક્ષા, જાહેર આરોગ્ય વગેરે પર અસરોની ચર્ચા થાય છે. તેમાં ચાર લાખ જેટલા સભ્યો છે ! પર્યાવરણવાદીઓ, સામાજિક કાર્યકરો, અર્બનપ્લાનરો, ટ્રાન્સપૉર્ટેશન એન્જિનિયરો હવે કાર ફ્રી મૂવમેન્ટના વિચારને સમર્થન આપી રહ્યા છે. દર વખતે વાંક માત્ર કારવાળાનો જ હોય છે તેવું પણ નથી. જ્યારે તમારા જવાનું સિગ્નલ ખુલે ત્યારે જ તમારી આગળથી રસ્તો ઓળંગનારા પદયાત્રીઓ નીકળે અને તમારે બ્રેક મારવી પડે. તો ઘણી વાર બાઈકવાળા પણ સાપની જેમ ઝિકઝેક વાહન ચલાવી નીકળી જતા હોય છે. સાઈકલ સવારો પણ આડેધડ ચલાવતા હોય છે. તેમને ટ્રાફિક સિગ્નલનો ભય હોતો નથી તેથી પદયાત્રીઓની જેમ તેઓ પણ તમારું સિગ્નલ ખુલ્યું હોય ત્યારે જ નીકળે. ઘણા રૉંગસાઈડેથી આવતા હોય અને ટકરાઈ જાય તેવું પણ બને. આવા સંજોગોમાં કારવાળાની જ ભૂલ હશે તેમ માની ન લેવાય. ટૂંકમાં, આપણે પાંચમુ સૌથી મોટું અર્થતંત્ર બની જઈએ કે આપણી પાસે પહોળા, લિસ્સા રસ્તા હોય અને મોંઘી કાર કે 'ધૂમ' પ્રકારની બાઈક હોય તે આપણા વિકાસનો એક માપદંડ તો ખરો પરંતુ તેની સાથે નાગરિક તરીકે ટ્રાફિકની સમજ પણ વિકાસનો એક માપદંડ ગણવો જોઈએ. ■ jaywant.pandya@gmail.com

# ગઠબંધન – જ્યારે મોટી ખુરશીમાં નાના માણસો ગોઠવાઈ જાય છે



**રાજકીય રસધાર** — પ્રવીણ માધાણી



ભારતની આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના પડઘમ ગાજી ગયા છે. શંખ ફૂંકાઈ ચુક્યો છે. બધા પક્ષોએ પોતપોતાની ક્ષમતા પ્રમાણે તૈયારીઓ શરુ કરી દીધી છે. જેમ વરસાદની સિઝનમાં દેડકાઓ જમીનમાં ઊંડે ભેજવાળી જગ્યા છોડીને ખુલ્લી જમીન પર આવી જાય છે તેમ કબરમાંથી જે બહાર આવી શકે તેમ હતા એ બહાર આવી ગયા છે, અને મોટા સ્ટેજ શોભાવી રહ્યા છે. છેલ્લી બે ટર્મથી ભાજપના નેતૃત્વ વાળું ગઠબંધન એનડીએ સત્તામાં છે. એ પહેલા બે ટર્મ કોંગ્રેસ અને અન્ય પક્ષોનું ગઠબંધન યુપીએ સત્તામાં રહેલું હતું. છેલ્લા દશ વર્ષના મોદીકાળ દરમિયાન રાજકીય સમીકરણો ઝડપભેર બદલાયા છે. પક્ષો તૂટ્યા છે, નવી નેતાગીરી આવી છે, જૂની પેઘી ગયેલી વિદાઈ થઇ છે કે વિદાય થવાની તૈયારી છે.

ગઠબંધન માટે આવશ્યક ગુણ છે રાજકીય વિચારધારાની સમાનતા. કોઈ વ્યક્તિ કે પક્ષ તો જ સાથે રહી શકે જો તે બંને વચ્ચે આ સમાનતા હોય. આ સિવાય રાજકીય પક્ષો વચ્ચે લાંબાગાળાનું ગઠબંધન શક્ય નથી. જો કોઈ હિત આધારિત ગઠજોડ હોય તો એ હિત સધાઈ જતા ગઠજોડનો વિષય પૂરો થઇ જાય છે. બાજુબાજુમાં ખુરશી હોવી અને બાજુબાજુમાં વિચારો હોવા વચ્ચે મોટું અંતર છે. એક લાઈનમાં ખુરશી પર તમે ચાહે તેટલા નેતાને બેસાડી શકો, પણ એક લાઈનમાં બધાની વિચારધારા બેસાડવી એ મોટી રાજકીય કવાયત છે. અહી મોટી ખુરશીમાં બેઠેલા નાના માણસનો અહમ મોટો હોય છે. પોતાની ધારણા આધારિત રાજનીતિથી આગળ કશું જોઈ નહિ શકતા પક્ષો કે નેતાઓ ગઠબંધન પર સતત ઝળુંબતો ખતરો હોય છે. વ્યક્તિગત રાજકીય મહત્વકાંક્ષાનું સમૂહમાં વિલીનીકરણ લગભગ અશક્ય રાજકીય ખ્યાલ છે.ભેગા થવા માટે ઘણા બધા સમીકરણો મેળવવા પડે છે, વાંકું પાડવા માટે એક કારણ કાફી હોય છે. બીજી બાબત ગઠબંધન માટે અગત્યની છે તે નેતૃત્વ. બધા ઘટકોએ કોઈ એક પક્ષ કે વ્યક્તિમાં પોતાનું હિત આરોપિત કરી દેવું પડે છે. કોઈ રાહબર પસંદ કરવો પડે છે. અને એ રાહબરમાં ભરોસો મુકવો પડે છે. એ સ્વાભાવિક છે કે બધા રાજકીય પક્ષોની વિચારધારા સરખી હોતી નથી. પરંતુ એક બીજાને પોતાની માન્યતા, અને અન્ય પક્ષથી વિરુદ્ધની વિચારધારા પુરતી જગ્યા કરી આપવી પડે છે. પોતાની વિરુદ્ધનો બીજા સાથી પક્ષોનો તેટલો મત સ્વીકારી લેવો પડે છે. બધા ઘટકો વચ્ચે એકબીજાને જગ્યા આપવાની તૈયારી અને સમજણ જેટલા વધુ, ગઠબંધનનું ભાવિ એટલું સારું અને લાંબુ રહે છે.

બીજું પરિબળ સામે ઉભેલો પડકાર છે. ભય તમને એક કરી શકે છે. આ બિલકુલ એવી વાત છે કે કબ્રસ્તાન કે સ્મશાનમાંથી અંધારી રાતે એકલા પસાર થવાનું હોય તેના કરતા બે ચાર જણનો સથવારો હોય તો ડર ઓછો લાગે છે અને એકાદ સાથીદારને જો હનુમાન ચાલીસા આવડતા હોય તો વધુ આસાની થઇ રહે છે. પછી એ નથી જોવાનું હતું કે આમાંથી બે જણ સાથે આપણી ક્યારેય સારાસારી નહોતી, પણ અત્યારે એ ખપનો આદમી છે. એટલે જ કહ્યું છે કે ભય વિના પ્રિત નહિ.

રાજનીતિમાં પક્ષ ચલાવતી વ્યક્તિ પરિવારો એ ભૂલી જાય છે કે પક્ષ જેમ જેમ ચાલતો જાય તેમ તેમ પક્ષની વિચારધારાનું દ્રઢીકરણ થતું રહે છે. એ સારી હોય કે નરસી, દેશહિત કાજની હોય કે વિરુદ્ધની, એને જાણીને કાર્યકર્તા પક્ષમાં આવ્યો હોય છે. એ વિચારધારાથી ભટકાવ કાર્યકર્તાની પક્ષમાંની શ્રદ્ધા ડગમગાવી દે છે. એવું જ કઈક ગઠબંધનનું છે. ગઠબંધનની વિચારધારાથી ભટકાવના પરિણામનો તાજો દાખલો ભાજપ અને શિવસેનાની યુતિનું ભંગાણ છે. શિવસેના અને ભાજપ નેચરલ એલાયન્સ કહેવાતા હતા. બંને વચ્ચે કુદરતી જોડાણ છે એમ કહેવાતું હતું. બંનેના રાજકીય સિદ્ધાંતો સરખા હતા. રાજકીય વિચારધારા સમાન હતી. બંને પક્ષ એક મજબૂત વિચારધારા, - હિન્દુત્વ પર સાથે થયા હતા, સાથે ચૂંટણીઓ લડી હતી અને શાસન કર્યું હતું. નાનાભાઈ મોટાભાઈની સમાન સમજૂતી સાથે રાજકીય સફળતાઓ મેળવી હતી. પરંતુ શિવસેનાએ સત્તા માટે વિચારધારા સાથે સમાધાન કર્યું. જે રસ્તો પક્ષના આર્ષદ્રષ્ટા પક્ષ માટે કંડારી ગયા હતા એ રસ્તો બદલ્યો. પક્ષ કરતા પરિવારને મોટો સમજતા શીર્ષસ્થ નેતૃત્વએ એ ધ્યાને ન લીધું કે કાર્યકર્તાઓના લોહીમાં રહેલી વિચારધારાનું શું થશે ? પરિવારે સત્તા તો મેળવી લીધી, પણ પક્ષ, વિચારધારા અને પક્ષની સાથે વિચારધારા આધારે જોડાયેલો સંનિષ્ઠ કાર્યકર્તાનો મોટો ભાગ ગુમાવી દીધો. સરવાળે પરિણામ એ આવ્યું કે પક્ષ પણ ગયો અને સત્તા પણ ગઈ. આખરી પરિણામ ત્યારે ખબર પડે છે જયારે વિચારધારા બદલીને તમે જનમત માંગવા જાઓ છો.

બંને પક્ષે આજે જે ગઠબંધનની ગતિવિધિઓ ચાલી રહી છે તે માત્ર સત્તા પ્રાપ્તિ માટે છે. ગઠબંધનના નવા નામકરણ થઈ રહ્યા છે. રેપર બદલાવાઈ રહ્યા છે, અંદર માલ એ જ છે. આગામી લોકસભાની વૈતરણી તરવા માટે એક નાવમાં છવ્વીસ અને એક નાવમાં આડત્રીસ ભેગા થયા છે. એક ખેમામાં પચ્ચીસ અને બીજા ખેમામાં આઠ એવા છે જેની લોકસભાની સભ્ય સંખ્યા શૂન્ય છે,છતાં એ સમૂહમાં સામેલ છે કારણકે એ કારવાંનો છેલ્લો આદમી છે,કારણકે રાજનીતિ બહુમતનો ખેલ છે, કારણકે અહી એક મત માટે સરકારો પડી છે. ભારત જેવા બહુવિધ દેશમાં મત આપવા માટેના અને મત નહિ આપવા માટેના મુદ્દાઓની સંખ્યા વિપુલ રહેવાની. હવે ખાલી હાથે જનતા પાસે મત માંગવા જઈ શકાય તેમ નથી. હવે જેણે માથું મુક્યું હોય, એ અહી બેસે... જેવો ઘાટ છે. યા તો કરેલું હોય તે બતાવો, યા તો કરવાના છો તે રજૂ કરો.

ક્વિક નોટ – લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય. – એક ગુજરાતી કહેવત.

== પ્રવીણ માધાણી == ■

# તમને કયો પક્ષ ગમે?

**હાસ્યાય નમઃ** — ડૉ. પ્રકાશ દવે ૯૫૭૪૩૭૪૪૫૩



(૧)તમને કયો પક્ષ ગમે?
રમાબેન પટેલ(અમદાવાદ)
શુક્લ પક્ષ.

(૨)તમે ખાધેલ કંસાર પચી ગયો કે?
કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ)
ઓડકાર ચાલુ છે.

(૩) નાનકડી ઢાંકણીમાં ડૂબી શકાતું નથી, છતાં લોકો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરો એવું કેમ બોલે છે?
યોગેશભાઈ આર જોશી(હાલોલ જિ.પંચમહાલ)
પાણીનો બગાડ અટકાવવા માટે.

(૪) નવાઈ લાગે એવું કશું કહોને!
ઉન્નતિ મહેતા (રાજકોટ)
ગરમ મસાલો ફ્રિજમાં મુકો તોય ગરમ જ રહે છે!

(૫) માણસ ધારે તે કરી શકે એ વાત સાચી હશે?
જય દવે (ભાવનગર)
આમ તો સાચી, પણ એક અપવાદ છે. માણસ ધારે ત્યાંથી પાપડ ન તોડી શકે.

(૬)તમને રૂબરૂ મળવું હોય તો ?
રાજુ એન. જોષી (ધરાઈ-બાલમુકુંદ)
મળી શકાય, પણ આવતાવેંત દાંત નહિ કાઢવા માંડવાના!

(૭)બાબરા ભુતનું નામ તો સાંભળ્યું, પણ અત્યારે છે ક્યા ?
નિતુલ દિનેશભાઈ ડાભી (બાબરા)
તમારું સરનામું પૂછતું હતું.

(૮)રેલવે સ્ટેશનને અંગ્રેજીમાં શું કેવાય ?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
અંગ્રેજીનું પણ અંગ્રેજી કરવાનું?

(૯)લોકો આભાર વ્યક્ત કરતી વખતે ઘણી વખત આભાર એમ લખે છે, કોઈ વખત Thank You, કોઈક વખત Thanks, તો કોઈ વખત Tx લખીને આભાર વ્યક્ત કરે છે. આમાં પૂરો આભાર ગણવો કે અધૂરો?
હસમુખ બોરાણિયા (વડોદરા)
આ આભાર અધુરો ગણાય કેમ કે હજી ધન્યવાદ, શુક્રિયા એવું બધું બાકી રહી જાય છે. અમારે આ બાજુ તો દાંત કાઢે એટલે સમજી જાવાનું કે એણે આભાર માન્યો છે.

(૧૦)તેરે ચહેરે સે નજર નહીં હટતી તો એ ચહેરો કેવો હશે?
વિવેક જગદીશભાઈ (વઢવાણ)
તમારા ગામમાં ટપાલપેટી છે?!

(૧૧)તમે અમારા સવાલો કેટલીવાર વાંચો?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
અડધીવાર વાંચું ત્યાં જ સમજાય જાય કે આનો જવાબ શું હોય!

(૧૨)જોડા અને કજોડામાં તફાવત શું ?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
કજોડાવાળા પોતાનું કજોડું નથી એવું બતાવવા સતત પ્રયત્નશીલ હોય છે!

(૧૩)લગ્નપ્રસંગમાં રીંગણાં બટાકાનું શાક કેમ બનાવતા હશે?
પ્રવીણભાઈ એલ.ધોળકીયા (અમરાપરા બાબરા)
આ ઘરધણીનો નિર્ણય હોય છે. આમાં ગોરદાદાનો કાંઈ વાંક નથી. મહેરબાની કરીને તમે ગોરદાદાને કાઈ કહેતા નહિ!


(૧૪)ચંદ્રયાન કેમ છોડવામાં આવ્યું?
કટારીયા આશા એચ. (કીડી)
મામાના ઘરે જઈ શકાય એટલે.

(૧૫)પરદેશ નામનો દેશ ક્યાં આવેલો છે ?
જીગર યાદવ (દાત્રાણા-પાટણ)
સ્વદેશની સરહદ પુરી થાય ત્યાં.

■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વૉટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# નિષ્પ્રયાસે આનંદમાં ડૂબેલી સામાન્ય જિંદગીઓ.....



## સંસારમાં જે સૌથી સામાન્ય મનુષ્ય છે તે જ હવે તો સાચો સાધુ હોય એમ લાગે છે

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

સંસારમાં જે સૌથી સામાન્ય મનુષ્ય છે તે જ હવે તો સાચો સાધુ હોય એમ લાગે છે. કારણ કે એવા એ મનુષ્યને જે છે એનાથી અધિકની કોઈ ઝંખના હોતી નથી. દરરોજ સવાર પડે છે અને જ્યારે તે પોતાની દિનચર્યાની શરૂઆત કરે છે, ત્યારે પ્રથમ તો કુદરતનો આભાર માને છે. દરરોજ એને એવો અનુભવ થાય છે કે ભગવાને કેવું સુંદર જીવન આપ્યું છે. એ સામાન્ય મનુષ્ય નથી તો મંદિરે જતો અને નથી તો કોઈ સાધના કરતો કે સાચા અને કહેવાતા એવા કોઈ ભગવાનને તે ઓળખતો નથી. પોતે જેનાથી પણ પરિચિત છે તેમાંના કોઈ પાસે તેની કોઈ પણ એટલે કે રજમાત્ર પણ અપેક્ષા નથી. આવો જે સામાન્ય મનુષ્ય છે તે જાણે કે પોતાનું પૂરું થયેલું જીવન જ ફરી જીવતો હોય એવી રીતે અલિપ્ત થઈને આ સંસારમાંથી પસાર થાય છે. એને ઓળખવો સહેલો નથી અને એવા લોકોની સંખ્યા પણ નાનીસૂની નથી. કબીર, તુકારામ, નરસિંહ, મીરાં, નાનક... આ બધા સંતો તેમના પૂર્વકાળમાં આવા જ સામાન્ય મનુષ્ય હતા. અને બહુ વિખ્યાત થયા પછી પણ તેમણે એ સામાન્યતા જાળવી રાખી હતી. જ્યાં સુધી તમારું વજન એટલે કે તમારા અહંકારનું વજન પાનખરમાં ખરી ગયેલા પીળાં પાંદડા જેટલું ન થઈ જાય ત્યાં સુધી પવન તમને હિંચકો ખવડાવીને હલેસે હલેસે સાતમા આસમાન સુધી શી રીતે લઈ જાય ?

આપણું વજન જ આપણને પછાડે છે. ડૂબાડે છે. પીળા પાંદડા જેવી વજનમુક્તિ તો જિંદગીની ધન્યતાનો અવસર છે. જિંદગીનો અસલ રોમાંચ, એવા હળવા વજનના મનુષ્યો, ભારેની તુલનામાં, અધિક માણે છે. પરંતુ એ ન તો આપણે જાતે શીખી શક્યા છીએ ન તો એ શીખવાડનારા હવે કોઈ સરળતાથી આપણી નજીક ઉપલબ્ધ છે. હા પેલો સામાન્ય મનુષ્ય જો પરિચયમાં આવી જાય અને એના રાગે રાગે આપણા સ્વર સુધરતાં જાય તો કોઈક દિવસ હળવા થવાય.

આ વિશિષ્ટ પ્રકારનો સામાન્ય મનુષ્ય છે. એનામાં ઉમંગ છે, પણ અભિલાષા નથી. એનામાં મેઘધનુષના સર્વ રંગ છે, પરંતુ એમાંનો કોઈ છલકાતો નથી. જેની સામાન્ય મનુષ્ય તરીકેની સર્વોત્તમ ઓળખ છે, એનું અંતઃકરણ એવું છે કે જેમાં એક પણ વાદળ નથી. એ ખુલ્લા આકાશ જેવો નિર્મળ અને સ્વચ્છ છે. એવા એ સામાન્ય મનુષ્યની તુલના-તુલા કરવા એક ત્રાજવામાં આપણું મન પણ મૂકીને ઘડી-બ-ઘડી કાંટા સામે તાગી જોવા જેવું છે.

ખબર પડે સમજાય તો પણ કોઈ તરત જ તો આપણા ભીતરના આભમાં આવીને સંજવારી વાળી જવાનું નથી. જે ઉપદ્રવ છે તે તો રહેવાનો છે પણ એક વાત છે કે કાંકરે કાંકરા વીણતા વીણતા આખું ફળિયું ચોખ્ખું ચણાક કરી શકાય. એક એક રજને વારાફરતે ફૂંક મારીનેય દર્પણ નિર્મળ કરી દેવાય. આરંભ કરવો પડે. એવા કોઈ સામાન્ય મનુષ્ય પાસેથી થોડુંક શીખવા મળે તો એક પછી એક વાદળો વિખેરાવાની શરૂઆત થાય છે.

એક દિવસ એવો આવે છે જ્યારે છેલ્લી કોઈ વાદલડી પણ આભમાંથી અદ્રશ્ય થાય છે. એ એવી ક્ષણ હોય છે જેમાં પછી કોઈ જાણે કે ન જાણે પણ આત્મા અને પરમાત્મા વચ્ચે કોઈ ભેદ રહેતો નથી. હિંદુસ્તાન જેવા દેશમાં ન દેખાતાં અને ન ઓળખાતા એવા લાખો સામાન્ય મનુષ્ય છે, જેમને તેમના બાહ્ય રૂપરંગથી ઓળખવા મુશ્કેલ છે.

તેઓ જિંદગીના પરમ આનંદમાં અને કુદરતના રસરૂપને ઘૂંટડે ઘૂંટડે પીવામાં એટલા બધા ગળાડૂબ હોય છે કે એમની પાસે પોતાના અજવાળાને વહેંચવાનો સમય જ હોતો નથી. એ સામાન્ય મનુષ્ય પાસે જે જિંદગી છે તે કેવી મનોહર છે ! વર્તમાન જ એનું આભૂષણ છે. તેની પાસે સદાય વર્તમાન છે. એને નથી ગઈકાલ કે નથી આવતીકાલ. એક ક્ષણ માટેય તે ભૂતકાળ કે ભવિષ્યકાળને પોતાની હયાતી ન સોંપે. વર્તમાનથી એ વિખૂટો પડે તો ને ? એટલે એને ઘરે તો આનંદનો ધોધ વહે છે. એવા ઘરમાં પરિજનો નિરાયાસ સુખમાં સદાય તરતા રહે છે. ■

# એ ત્રિભેટા ઉપર જિંદગી આવીને અટકી પડી છે




લઘુ-નવલકથા

યોગેશ પંડ્યા

કોઈ આણાંતે આંગળીભર આંજેલા આંજણસમી કાળી ભમ્મર રાત હતી. બરછી જેવી સમસમસમ... કરતી ટાઢ આખા ગામ માથે ભરડો લઈ ગઈ હતી. હૈયું હૈયાને ઝંખે, શરીર, શરીરની હુંફ ઝંખે એવો મીઠો સમો અને મદહોશ રાત હતી. પણ કહેવાય છે ને કે, "નિંદ ન આવે ત્રણ જણાં કહો સખી કિયા, પ્રીતવછોયા બહુરણા અને જેને ખટકે વેર જિયા." એમ વિરમગઢમાં રૂપા અને સૂરજગઢમાં રાઘવ અડધી રાત વીતી ગઈ હોવા છતાં પથારીમાં તરફડિયા મારતા હતા. હળુ હળુ કરતા દિવસો તો એક પછી એક કરતા પસાર થતા જતા હતા પણ જે દિ'ની રવજીએ આવીને વાત કરી છે કે, જીવણના અને તારી રૂપાના લગ્ન તો મહા મહિનાની પાંચમે ગોઠવાયા છે, લાભશંકર ગોરે લગનનું મુહૂર્ત પણ કાઢી દીધું છે અને હવે જીવણો લગનની ધૂમ તૈયારીમાં પણ પડ્યો છે. તને એ પણ કહી દઉં કે ભૂપતાએ મને વાત કરી કે પાળિયાદગઢમાં એનો સૂટ સિવડાવવા પણ નાખ્યો છે અને એના બાપાના અને બાના લૂગડા સિવડાવવા વિનુસઈ (દરજી)ને આજકાલમાં ઘરેય બોલાવી બેસાડવાના છે. એટલે હવે જે કંઈ થઈ રહ્યું છે એ બધુ તારા કાબૂ બહાર થઈ રહ્યું છે. હવે તું સાચો થઈ જા ભાઈબંધ ! પ્રીત કરવી હોય તો ડરવું નહીં, બાકી, તને રૂપાનાં નિહાકા લાગ્યા વગર રહેશે નહીં.'' ત્યારથી રાઘવના કાળજે લોહીઝાણ કાપા પડયા છે !

રવજી કહેતો હતો : 'આખો દિવસ ગોરખનાથની મઢીએ બેસવા જવા કરતા ક્યારેક તારા જીવતર વિષેય વિચારી લેજે સમય બહુ ટૂંકો છે જે નિર્ણય કરવો હોય એ વેળા છતાં કરી લેજે.''

-----

એ ત્રિભેટા ઉપર જિંદગી આવીને અટકી પડી છે. શું કરવું એ કશું સમજાતુ નથી. વાડીએથી ઘરે અને ઘરેથી વાડીએ બસ આટલી જ સફર છે જીવતરની ?

વાડેવાડે ઘાસિયા ફૂલોની ઉંન્મત ગંધ હવામાં મહેંકી રહી છે. શિયાળાનો અસબાબ સીમ ઉપર ઢોળાઈ રહ્યો છે. શિયાળુ મોલાત ફરફરી રહી છે. પણ સીમનું કે વગડાનું આ સૌંદર્ય રાઘવને સ્પર્શી શકતું નથી. વિચારોનાં વાવાઝોડામાં એક દિવસ બપોર પડ્યે તે વાડીએ જતો હતો કે નેળિયામાં સામેથી સોનલ આવતી દેખાઈ. આટલા દિવસો પછી સોનલ ભાભીને એકાંતમાં મળવાનું આ પહેલી જ વાર બન્યું છે. જેવી સોનલ સામે આવી કે એ ઊભો રહી ગયો. માથે કોળીભર રજકો લઈને આવતી સોનલ પણ ઊભી રહી ગઈ. દિયર - ભોજાઈની ચાર આંખો એક થઈ. રાઘવના ઉદાસ નયનો અને ચહેરા ઉપર પીડાની કંઈ કેટલીયે રંગોળી જોઈને સોનલથી મણ એકનો નિહાકો નખાઈ ગયો. એણે માથેથી રજકાની કોળી ઉતારીને પગ પાસે નાખી. રાઘવ સોનલ સામે એકધારી નજરથી તાડી રહ્યો પણ કોણ જાણે કેમ ? સોનલ હવે એ આંખોની પીડાનો ભાર સહન કરી શકી એમ નહોતી.

રાઘવે તેને બોલાવી : "ભાભી..."

રાઘવના અવાજ એટલી બધી પીડા, દર્દ, વેદના છલકતી હતી કે સોનલ ભાવુક બની ગઈ . ભાવનાનું વહેણ આંખોમાં ભીનાશ બનીને ધસી આવ્યું. એણે પોતાની આંખો રાઘવની આંખો સામે માંડીને કહ્યું : "રાઘવભાઈ રૂપા પાસેથી આખી કહાણી જાણ્યા પછી તો મને જીવવું વસમું લાગી રહ્યું છે. નથી આવતી રાત્રે ઉંઘ કે નથી પડતું દિવસે ચેન ? મને એ ખબર નહોતી કે રૂપાનું મન તમારી સંગ મળી ગયું છે. એટલો એક ઈશારો મને કર્યો હોત ને... તો આવો જગન નો થાત. પણ હું ય શું કરૂં ? રૂપાના બાપુ એટલે કે મારા કાકા માનતાં નથી નહિંતર આજ ઘડીએ વેશવાળ તોડી નાખું. પણ એમને અમારા બાપદાદાના કુટુંબની આબરૂ વગોવાય એની બીક છે. રાઘવભાઈ, હું તમારી અને રૂપાની ગુન્હેગાર છુ.'' સોનલની આંખો ભરાઈ આવી.

'એવું ન બોલો ભાભી, આમાં તમારો શું દોષ ?' રાઘવે આંખો વાળી લીધી : 'તમે રડોમા તમે દુઃખ ન લગાડો. આતો બધો કુદરતનો ખેલ છે. વિધાતાએ આવું કંઈક લખ્યું હશે. આ ભવે નહીં તો છેવટે આવતા ભવે એક થશું...' કરતો ચાલતો થઈ ગયો. સોનલ એને પાછું વળીને તાકી રહી. ભીની આંખ ! તેને થયું કે ક્યાં પહેલાનો રાઘવ અને ક્યાં અત્યારનો રાઘવ ? કલૈયાકુંવર જેવો લાગતો રાઘવ અત્યારે સાવ ફકીર જેવો લાગતો હતો. વાંભ જેવડો નિહાકા નાખીને એણે વાંકા વળીને રજકાની ભારી માથે મૂકી અને એય પણ ધીરે પગલે ગામ ભણી વળી...

-------------

આજકાલ બે દિવસથી રૂપા રોજ ટપાલી આવવાના સમયે ડેલા બહાર ઊભી રહી છે પણ મસ્તરામકાકાના દર્શન થતા નથી. છેક ત્રીજે દિવસે ટપાલીનો ખાખી વરદી પહેરેલો એક જુવાન તેણે શેરી વળોટી જતા દેખાયો. પાછળની શેરીમાં સાયકલની ટંકોરી વગાડીને 'ટપાલ...' કરતો સાદ પાડી બેચાર મિનિટમાં રૂપાના ઘર પાસે પાછળો વળીને આગળ વધ્યો કે રૂપાએ તેને સાદ પાડ્યો. 'એ ભાઈ...' સાદ સાંભળીને પેલો ઊભો રહી ગયો રૂપાએ તેની પાસે જઈને પૂછ્યું : "તમે ટપાલી છો ?"

"હા, કેમ કાંઈ કામ હતું વળી?"

પેલો નવાંગતૂક પોસ્ટમેન રૂપાની આંખમાં તાકી રહ્યો : "ટપાલ આવવાની હતી ક્યાંયથી ?" "ના... ના...હું તો મસ્તરામકાકાનું પૂછતી હતી ભાઈ...''રૂપાએ વાતનું મૂળ પકડયું : "હવે એ નહીં આવે ? એમની બદલી થઈ ગઈ ?'' "અરે ના..એવું નથી." પોસ્ટમેને હસીને કહ્યું : "મસ્તરામભાઈના સગામાં કોઈનું મરણ થયું છે એટલે હમણાં બાર પંદર દિવસની રજા મૂકી છે. ત્યાં સુધીનો ચાર્જ મને સોંપ્યો છે એ આવશે એટલે હું તેમની કામગીરી સોંપી દઈને છૂટ્ટો થઈ જઈશ''

"ઠીક...ઠીક... રૂપાના કાળજે 'હાશ' થઈ : ખાલી પંદર દિવસનાં જ મામલો છે.

તો હું જાઉ ? બીજું કંઈ ? ટપાલીએ હસીને પૂછ્યું કે રૂપાએ કહ્યું : ' ના...ના... આતો જરા અમથું ભાઈ''

-----------

એક દિવસ સવારે એ ભરઉંઘમાં હતી કે માએ ગોદડું ખેંચ્યું. અડધી રાત સુધી જાગતી પડી રહેલી અને પથારીમાં તરફડિયા મારતી રૂપાને વહેલી કોર માંડ ઉંઘ આવી હતી. એટલે માના હાથમાંથી ગોદડું ખેંચતા કંટાળા અને ચીડના ભાવથી રોતલ અવાજે કહ્યું : "મા, સૂવા દે ને ? માંડ હમણા જ ઉંઘ આવી છે.''

"હવે વહેલા ઉઠવાની ટેવ પાડવી પડશે તારે...દનૈયા હવે બહુ ઝાઝા નથી સમજી ? '' વસંતના આટલા શબ્દો તો રૂપાના આળાં હૈયા માટે પૂરતા હતાં. એના કાળજે લોહીઝાણ ચીરો પડ્યો જાણે! અને વસંતેય ક્યાં હવે કઠ્ઠણ રહી શકતી હતી ! તેનો સ્વર પણ ભીનો થઈ ગયો : 'દીકરી, હવે તો પ્રાગટ્યવાસે જાગી જવાની ટેવ પાડવી પડશે. નહિંતર મા - બાપ સમાણી ગાળ્યો ખાશો બેટા, મારી ઉડણ ચકલડી મહિના પછી તો સાસરવાટ સિધાવી જશે પછી ત્યાં મારી જેમ માથામાં હાથ ફેરવી "ઉઠ, બેટા ઉઠ મારી દીકરી.'' કહીને ઉઠાડવા વાળી મા નહીં હોય દીકરા...'' એટલું વસંત બોલી ત્યાં તો એની આંખના ખૂણેય મોતી જેવા અશ્રુબિંદુઓ બાઝી ગયા. વાત લંબાશે તો દીકરીની સવાર બગડશે એમ સમજીને વાત ઊંધે પાટે ચડાવતા કહ્યું : "હમણાં આઠ વાગ્યે ભઈલો ટ્રેક્ટર લઈને આવે છે. આપણે ઘર ઘરના ભેગા મળીને તારૂં આણું ઓરવા (ખરીદ કરવા) પાળિયાદગઢ જવાનું છે તો તું નાહી ધોઈને તૈયાર થઈ જા...''

જવાબમાં રૂપાની આંખોમાંથી ટપ ટપ કરતા આંસુ ટપકી પડ્યા. એ ઊભી થઈ માને બાઝી પડી : "મા હવે શું આણું અને હવે શું શણગાર ? મારી જીંદગીનો શણગાર તો અધૂરો જ રહ્યો મા, હવે મને કોઈ હોંશ નથી મારી મા ! તું એમ માની લે કે હું જીવું છું એ જ તમને દેખાય છે. હું મરી ગઈ છું એ ક્યાં તમને દેખાય છે ? મા, મારૂં સુખ વાંચ્છતી હો તો મારા બાપુની ઉપરવટ થઈને એકવાર ઈવડા ઈમને સોઈ ઝાટકીને કહી આવને કે આજથી મારી દીકરીનું તમારા દીકરા હોર્યે કરેલું સગપણ ફોક કરૂ છું.''

"નહીં દીકરી, આ ઘરની ખોરડાની અને મારા ધણીની આબરૂ આ ઘરની વહુવારૂના હાથમાં છે એ આબરૂને કલંક તો પછી લાગતા લાગે, પણ ધણીની ઉપરવટ જઈને જે દિ' વહુવારૂ વહેવાર કરવા લાગશે તે દિ' તારા વડદાદાના નામ ઉપર કાળુ કલંક લાગશે. એની કરતા તો અમારા બાપદાદાના નામનેય કલંક લાગી જશે. જેટલી આબરૂ આ ખોરડાની હોય છે એની કરતાય સવા વેંત ચડે એટલી આબરૂ મારાય બાપદાદાની છે એટલે એવું તો હું નહીં કરી શકું...''

એટલું બોલીને વસંતે, રૂપાને પોતાના પંડયથી અળગી કરતા કહ્યું : " હવે જે કંઈ છે, એને અંગનું માનીને જીવી લેવાનું છે તારે! અને હવે ઝટ તૈયાર થઈ જા, તો ભાઈને ટ્રેક્ટર લઈને બધાને તેડવા મોકલું. આપણે બધાને જ કહેવરાવવું પડશે.'' જવાબમાં રૂપા ભાંગેલ પગે દાતણ કરવા ગઈ.

---------

પાનેતર હાથમાં લેતાવેંત જ રૂપાની આંખમાં આંસુ ધસી આવ્યા. પણ આ વાતથી બેખબર સમજુ બોલી "આ ખૂબ જ સરસ છે બેટા...'' સમજુએ રૂપાના હાથમાં રહેલું પાનેતર જોઈને કહ્યું : "સોનકી માટે આવું જ પાનેતર પસંદ કર્યું હતું.'' ત્યારે વેપારી કસ્તુરભાઈએ કહ્યું : "એક્કો માલ છે.'' (ક્રમશઃ) ■

# સ્મિતા ઊંઘી નહીં ત્યાં સુધી તો અગણિત વિચારો ચાલ્યા જ કર્યા

સ્મિતા ઊંઘી નહીં ત્યાં સુધી તો અગણિત વિચારો ચાલ્યા જ કર્યા હતા. પછી જેવી આંખ બંધ થાય કે, તરત ઝબકીને જાગી જતી. આમ જ આખી રાત પસાર થઈ હતી. એટલે તો આજે તેને રોજ કરતા ઉઠવામાં થોડુ મોડું થયું હતું.

નાહીને સત્યાંશ બહાર નીકળ્યો એટલે તરત જ સ્મિતા બાથરૂમમાં ગઈ. ઠંડા ઠંડા પાણીથી નાહીને તે બહાર નીકળી ત્યારે તેના શરીરમાં થોડી સ્ફૂર્તિ આવી હતી.

સવારના નવ થવા આવ્યા એટલે સ્મિતાએ ભીંત ઘડિયાળમાં નજર કરતાં કહ્યું : "સત્યાંશ..., આજે તે શું નક્કી કર્યું...?''

"શેનું...?'' સ્મિતા સામે જોઈ તેણે આશ્ચર્યથી પૂછ્યું.

"બસ...તું કાલે રાતના જે કંઈ બોલ્યો તે બધું જ ભૂલી પણ ગયો...? હવે તો મને પણ લાગે છે કે, ભવિષ્યમાં મને પણ ભૂલી જા તો નવાઈ નહીં રહે...''

"એવું નથી બકા..., તું જરા ઈશારો કરે તો બધું જ યાદ આવી જશે...''

"એમ...?! તો પછી મેં તને રાતના ડોક્ટર સ્વાગત પાસે જવાની વાત કરી હતી અને તે મને વચન...''

"એક મિનિટ સ્મિતા, હા... મને યાદ આવ્યું. મે તને ડોક્ટર સ્વાગત શેઠ પાસે જવાનું પ્રોમિસ પણ આપ્યું હતું, સાચુંને ? ''

"હંમ..., તને બધું યાદ તો છે જ તો..''

"ક્યારે જવું છે ? તું કહે ત્યારે હું આવવા તૈયાર છું. હવે હું બહાનું નહીં બતાવું. તને મેં વચન આપ્યું છે.''

"આવા...દવાખાનાના કામમાં મુહૂર્ત જોવા બેસી ન રહેવાય. નિદાન તો જેટલું બને તેટલું વહેલું થાય તેટલો લાભ વધારે. આમાં મોડું ન કરાય. આ તો મારૂં અંગત મંતવ્ય છે. અંગત વિચાર છે. પછી તને...''

"મને કોઈ જ વાંધો નથી. તું કહે તેમ, આજે જ જવું હોય તો આજે જઈએ...''

"મારા મત અનુસાર આજે જ જઈએ તો વધારે સારૂં...''

"એક મિનિટ સ્મિતા, ઊભી રહે...મારે મારા ઓફિસર પાસે રજા તો લેવી જ પડે.. ચાલ, હું મોબાઈલથી વાત કરી પરમિશન લઈ લઉં.'' આમ બોલી સત્યાંશે તેનો મોબાઈલ ઓન કર્યો.

સ્મિતા હવે થોડીવાર એમ જ ઊભી રહી. સત્યાંશે વાત પૂરી કરતાં તરત જ સ્મિતા સામે જોઈ કહ્યું : "રજા મળી ગઈ, હવે ક્યારે જઈશું...?''

"આપણે ચા - નાસ્તો કરી લઈએ પછી હું તૈયાર થઈ જાઉં એટલે તરત જ નીકળીએ, બરાબર ?'' સ્મિતા બોલી.

"બરાબર... ઓકે...''

"ચા- નાસ્તો થયા. સત્યાંશ - સ્મિતા તૈયાર થઈ ડોક્ટર સ્વાગત શેઠની ક્લિનિકે પહોચ્યાં. ભવ્ય ક્લીન ક્લિનિક જોઈ સત્યાંશ તો ઘડીભર છક્ક થઈ ગયો. આમ - તેમ બધે જ જોતો રહ્યો.

ડોક્ટરની ચેમ્બર બહાર ટેબલ પર પેશન્ટનું નામ લખાયું. ને એ નામવાળી ચિઠ્ઠી અંદર ગઈ. ડોક્ટર શેઠે નામ વાંચ્યું એ સાથે જ તે ખુરશી પરથી ઊભો થઈ ગયો. પછી ચાલીને પોતાના હાથે ચેમ્બરનો દરવાજો ખોલ્યો. એ સાથે જ સ્મિતા - સત્યાંશને ખુરશી પર બેઠેલાં જોયાં. જેવો ચેમ્બરનો દરવાજો ખૂલ્યો એ સાથે સ્મિતા અને સત્યાંશે પણ ત્યાં નજર કરેલી. અને સ્વાગતને જોતાં જ પ્રથમ સ્મિતા સ્મિત કરતાં ઊભી થઈ ગઈ સાથે સાથે સત્યાંશ પણ ઊભો થયો. ત્યાં તો ડોક્ટરે હાથના ઈશારે અંદર આવવા સૂચન કર્યું.

સત્યાંશ - સ્મિતા ડોક્ટરની ચેમ્બરમાં દાખલ થયા. ડોક્ટર સ્વાગતે તેના બંને મિત્રનું દિલથી સ્વાગત કર્યું. કહ્યું પણ ખરૂં : "વેલકમ...ફ્રેન્ડસ, આમ વેઈટિંગમાં બેસી રહેવાય ? મને ફોન ન કરાય ? આમ અચાનક...''

ગોડી સુધી બે માંથી કોઈ કશું બોલ્યું નહીં. એટલે છેવટે સ્મિતાને જ નછૂટકે બોલવું પડ્યું : "એક ફ્રેન્ડ અને મિત્રતાના સંબંધે ડોક્ટર સાહેબ અમે તમારી પાસે આવ્યા છીએ. સાચી અને અંગત સલાહ માટે...''

"પહેલાં તો તમારા માટે હું ડોક્ટર સાહેબ નથી. આ મને જરા પણ ન ગમ્યું. હું તમારાં બન્ને માટે ફક્ત સ્વાગત જ છું અને સ્મિતા તું તથા સત્યાંશ બંને સમજો છો શું ? મિત્ર સાથે તો ફક્ત મિત્રતાનો જ વહેવાર હોવો ઘટે. તમે તમે પણ નહીં, ફક્ત તું...તું...માં જે મજા, જે આનંદ છે તે માનવાચક શબ્દોમાં નથી. માટે હવે પછી મને ફક્ત સ્વાગત જ કહેજો.''


સ્વાગત શેઠના આવા પ્રેમભર્યા શબ્દો સાંભળી સ્મિતા - સત્યાંશે માત્ર ડોકું ધુણાવ્યું.

"હા, હું ડોક્ટર છું એ ખરૂં ! એ સંબંધે એક ડોક્ટર તરીકે હું સાચી સલાહ આપીશ. પ્રથમ આપણે બાળપણના મિત્રો છીએ એ હું જિંદગીભર નહીં ભૂલું. કોઈપણ જાતના સંકોચ વગર, એક અંગત મિત્ર સાથે અંગત વાત કરતાં જરાપણ અચકાવાનું નથી. પેટ છૂટી વાત કરશો તો સાચી અને સારી સલાહ મળી જ રહેશે...'' સ્વાગત હવે આટલું બોલીને શાંત થયો.

"વાત એમ છે સ્વાગત કે, અમારા દામ્પત્યને ત્રણ વર્ષ અને થોડાં મહિના થયાં. બાળકની ખૂબજ અપેક્ષા અને તીવ્ર ઈચ્છા હોવા છતાં હજુ કોઈ સંતાન અમારે નથી આ માટે જ અમે તારી પાસે આવ્યા છીએ..'' સ્મિતાએ જ થોડું અચકાતા બહુ ટૂંકમાં બધું જ કહી દીધું.

"સ્મિતા...'' સ્વાગતે કહ્યું : "આટલી તારી વાતથી હું બધું જ સમજી ગયો છું. પરંતુ એક વાત કહુ, આટલો બધો સમય તમે લગ્ન પછી જવા દીધો તે વધારે કહેવાય અને સત્યાંશ...'' સત્યાંશ સામે જોઈ સ્વાગતે કહ્યું : "આના માટે પ્રથમ તો મારે તને ઘણું જ પૂછવું પડશે. સમય તો છે ને...?''

"સ્વાગત, મેં આજે સી.એલ. લીધી છે. રજા જ છે. આના માટે તું જેટલો સમય માંગીશ તેટલો સમય હું આપવા તૈયાર છું. પરંતુ હવે તો આ દેખી ન શકાય તેવું કપરૂં દુઃખ સહન નથી થતું પ્લીઝ..., સ્વાગત...તું કંઈક રસ્તો કાઢ...'' સત્યાંશે પોતાનું દુઃખ સાચે જ વ્યક્ત કરી દીધું.




"રિલેક્સ... સત્યાંશ ! હવે મને તમે બંને સાંભળો :

"આ સમાજ સેક્સને હંમેશાં સૂગથી જોવા ટેવાયેલો છે. ઘરના વડીલો તો આવી વાતને સીધી જ ટાળી દે છે. તો પછી હોસ્પિટલમાં પણ સેક્સ સમસ્યા વિશે કોઈ દિવસ સ્ત્રીઓ તો આવતી જ નથી. શું સ્ત્રીઓને આ સેક્સ વિશે કોઈ જ સમસ્યા નહીં હોય ? હવે મોટાભાગે તો પુરૂષ એકલા જ આવે છે. સ્ત્રીને કે પત્નીને લઈ આવતાં તેને શરમ આવે છે. આ વલણ તદન ખોટું છે. કારણ કે, સેક્સ સમસ્યા એકલા પુરૂષની કે એકલી સ્ત્રીની નથી જ નથી. આ સમસ્યા તો દંપતીની ગણાય છે. એકલા પુરૂષની કે એકલી સ્ત્રીની સારવારથી ક્યારેય સેક્સ સમસ્યા સફળ નથી થઈ શકતી.''


લઘુ નવલકથા
અમૃત પરમાર

"સેક્સ અને ઉત્થાન રિલેક્ષ અવસ્થામાં સારી રીતે થઈ શકે. કોઈપણ પ્રકારની ચિંતા કે તાણ હોય તો સેક્સમાં તૃપ્તિ ન મળે. જેને આપણે આપણી ભાષામાં ચરમસીમા કહીએ છીએ તે ચરમસીમાનો આનંદ મળતો જ નથી. ચિંતા અને તાણ સાથે કરેલ સેક્સનો પ્રયત્ન અપૂરતા ઉત્થાન કે પછી શીઘ્રપતનમાં પરિણમે છે.

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭૦ હજાર લોકોને જોઇનિંગ લેટરનું વિતરણ કર્યું

# અગાઉની સરકારમાં ફોન બેંકિંગ કૌભાંડ થયું હતું, જેણે આ ક્ષેત્રની કમર તોડી નાખી હતી : મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સાતમા જોબ ફેરમાં ૭૦,૦૦૦થી વધુ યુવાનોને જોઈનિંગ લેટરનું વિતરણ કર્યું હતું. દેશના ૨૦થી વધુ રાજ્યોમાં ૪૪ સ્થળોએ તેનું આયોજન કરવામાં આવ્યું હતું. પીએમ મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાયા હતા. તેમણે કોંગ્રેસનું નામ લીધા વિના તેમની સરકાર દરમિયાન થયેલા ફોન બેંકિંગ કૌભાંડનો ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ નોકરી મંળવનારા યુવાનોને કહ્યું કે આજના દિવસે ૧૯૪૭માં (૨૨ જુલાઈ) બંધારણ સભાએ ત્રિરંગાની ડિઝાઈનને અંતિમ રૂપ આપ્યું હતું. આજે તમને નોકરી મળે તે એક પ્રેરણાદાયક બાબત છે. સરકારી નોકરીમાં હોય ત્યારે તમારે હંમેશા એ ધ્યાન રાખવાની કોશિશ કરવી જોઈએ કે તિરંગાનું ગૌરવ જળવાઈ રહે. આ પ્રસંગે પીએમ મોદીએ દેશના બેંકિંગ સેક્ટર વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે અગાઉની સરકારમાં ફોન બેંકિંગ કૌભાંડ થયું હતું, જેણે બેંકિંગ ક્ષેત્રની કમર તોડી નાખી હતી. ૨૦૧૪માં અમે બેંકિંગ ઉદ્યોગને ફરીથી બેઠો કરવાનો પ્રયાસ શરૂ કર્યો અને આજે ભારતની બેંકિંગ સિસ્ટમ વિશ્વની સૌથી મજબૂત હોવાની ગણવામાં આવે છે. ૨૨ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ વડાપ્રધાને રોજગાર મેળાના પ્રથમ તબક્કાની શરૂઆત કરી હતી. ત્યારે પીએમએ કહ્યું હતું કે અમારું લક્ષ્ય ૨૦૨૩ના અંત સુધીમાં દેશના યુવાનોને ૧૦ લાખ સરકારી નોકરીઓ આપવાનું છે.

# ઉત્તરાખંડમાં ફરી તબાહી: ક્યાંક ભૂસ્ખલન તો ક્યાંક આભ ફાટ્યું, હજુ ભારે વરસાદની આગાહી

૨૪ કલાકમાં રાયગઢના ઈરશાલવાડીમા ભૂસ્ખલનથી મૃત્યુઆંક વધીને ૨૨ થઈ ગયો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨



દેશભરમાં મેઘમહેર યથાવત છે ત્યારે ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ભારે વરસાદને કારણે યમુનોત્રી હાઈવે પર ભૂસ્ખલન થયું હતું. અનેક વાહનો દટાયા હતા. શાળાઓમાં પણ કાટમાળ જમા થયો હતો. બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ તરફ હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં દેહરાદૂન, ઉત્તરકાશી, ટિહરી, પૌરી અને નૈનીતાલમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.એસડીઆરએફ અને ફાયર બ્રિગેડની ટીમો તૈનાત કરવામાં આવી છે. રાજસ્થાનના જોધપુર અને બિકાનેરમાં ભારે વરસાદ થયો છે. જોધપુરની એક શેરીમાં પાણીના જોરદાર પ્રવાહને કારણે બાઈક, સ્કૂટી અને સવારો તણાઈ ગયા હતા. ૨ કલાકમાં ૬૬.૮ મીમી વરસાદ નોંધાયો હતો. મહારાષ્ટ્રના પાલઘર, મુંબઈ, થાણે, રાયગઢ અને રત્નાગીરીમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે. આ બધાની વચ્ચે દિલ્હીમાં ફરી એકવાર યમુનાનું જળસ્તર ભયજનક સપાટીને પાર કરી ગયું છે. હિમાચલમાં ૨૨ જુલાઈ સુધી ભારે વરસાદની સંભાવના છે. ઓડિશાના ૧૫ જિલ્લામાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદનું એલર્ટ છે.ઉત્તરાખંડમાં શુક્રવાર મોડી રાતથી સતત વરસાદ પડી રહ્યો છે. નદીઓ ઉછાળા મારી રહી છે. અનેક જગ્યાએ વાદળો ફાટવાની ઘટના સામે આવી રહી છે.

તાઈવાનની આસપાસ ૩૦૦ ફાઈટર જેટ અને અનેક યુદ્ધ જહાજ મોકલ્યા

# ચીને - તાઈવાન વચ્ચે વિવાદ ચરમસીમાએ ચીને સરહદ પર ફાઈટર વિમાન તૈનાત કર્યા

(એ.આર.એલ),બીજીંગ,તા.૨૨



ચીન અને તાઈવાન વચ્ચે ફરી એકવાર તણાવ ચરમસીમાએ છે. બંને વચ્ચે સંઘર્ષ અને તણાવ છે. ચીન આંખો બતાવી રહ્યું છે અને તાઈવાન પણ તેને બરાબરનો જવાબ આપી રહ્યું છે. આવી સ્થિતિમાં હવે પ્રાદેશિક શાંતિ જોખમાઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અત્યાર સુધી ચીને તાઈવાનની આસપાસ ૩૦૦ ફાઈટર જેટ અને અનેક યુદ્ધ જહાજ મોકલ્યા છે. સરહદ પર તાજેતરના તણાવનું કારણ દર વખતની જેમ, તાઈવાનની અમેરિકા સાથેની નિકટતા કહેવામાં આવી રહી છે. 'તાઈવાન ટાઈમ્સ'ના અહેવાલ અનુસાર, તાઈવાનના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રાલયે છેલ્લા બે દિવસથી ચીનના ૨૬ સૈન્ય વિમાન અને ૭ નૌકા જહાજોને ટ્રેક કરવાનો દાવો કર્યો છે. સતત બડબડ કરી રહેલા ચીને ગુરુવારથી શુક્રવાર સુધી પોતાના ફાઈટર જહાજો પર નજર રાખી છે.

# સ્થિતિ નહીં સુધરે તો ભારતને પ્રતિબંધોનો સામનો કરવો પડશે : અમેરિકાની ચેતવણી

ધાર્મિક ભેદભાવ રાષ્ટ્રીય ગૌરવનો વિષય ન હોવો જોઇએ : અમેરિકા

(એ.આર.એલ),વોશિગ્ટન,તા.૨૨



પીએમ મોદીના અમેરિકાના પ્રવાસ બાદ હવે ભારતમાં ધાર્મિક ભેદભાવને લઈને અમેરિકાએ ભારતને ધમકાવ્યું છે. અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગના પ્રમુખે ભારત સામે મોટી ચેતવણી ઉચ્ચારી છે. યુએસસીઆઈઆરએફના પ્રમુખ રબ્બી અબ્રાહમ કૂપરે દાવો કર્યો હતો કે દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં ધાર્મિક ભેદભાવ ભયાવહ સ્તરે પહોંચી ગયું છે. યુએસસીઆઈઆરએફના પ્રમુખે કહ્યું કે ધાર્મિક ભેદભાવ રાષ્ટ્રીય ગૌરવનો વિષય ન હોવો જોઈએ. જો ભારતમાં સ્થિતિ નહીં સુધરે તો તેણે અમેરિકી પ્રતિબંધોનો સામનો કરવા માટે તૈયારી કરી લેવી જોઈએ. આટલું જ નહીં તેમણે ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિની તુલના અફઘાનિસ્તાન અને સીરિયા સાથે કરી દીધી હતી. રબ્બી અબ્રાહમ કૂપરે અમેરિકી સાંસદોને કહ્યું કે ભારતમાં હવે સ્થિતિ બગડી રહી છે.યુએસસીઆઈઆરએફ વતી તેમણે ભલામણ કરી હતી કે ભારત, અફઘાનિસ્તાન, સીરિયા, નાઈજિરિયા અને વિયેતનામને અમેરિકી સરકાર માટે વિશેષ ચિંતાવાળા દેશોની યાદીમાં નાખી દેવા જોઈએ. તેમણે કહ્યું કે આ દેશોમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ આ દેશોમાં અત્યંત દયનીય હાલતમાં પહોંચી ગઈ છે.

# મણીપુરમાં વધુ બે મહિલાઓ પર ગેંગરેપ-હત્યાની ઘટના પ્રકાશમાં!

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૨૨



દેશના ઉતરપૂર્વના હિંસામાં હોમાયેલા રાજય મણીપુરમાં બે કુકી સમુદાયની મહિલાઓને નિર્વસ્ત્ર કરીને પરેડ કરાવવાની ૭૮ દિવસ બાદ આવેલી ઘટનાના પડઘા હજુ શમ્યા નથી ત્યાંજ આ ઘટનાની ફરિયાદના બે દિવસ પૂર્વે જ બે જ પોલીસ સ્ટેશનમાં બે મહિલાના પર સામુહિક બળાત્કાર તથા હત્યાની નોંધાયેલી ફરિયાદમાં કોઈ પોલીસ તપાસ થઈ નહી હોવાનો ઘટસ્ફોટ થયો છે. ગઈકાલે જ મણીપુરના મુખ્યમંત્રીએ પ્રથમ ઘટના પર પ્રતિભાવ આપતા આ પ્રકારની ૧૦૦ ઘટનાઓ બની છે તેવું જણાવ્યું હતું અને તેમના શબ્દો સાચા પડતા હોય કે તેઓને આ તમામ ઘટનાઓની જાણકારી હોય તેવા અહેવાલમાં તા.૧૬ મે ના રોજ બે યુવા કુકી સમુદાયની મહિલાઓ જે ૨૧ તથા ૨૪ વર્ષની દર્શાવાઈ હતી. તેના અંગે તેના માતાએ કાંગપોલી જીલ્લાના સૈકુલ પોલીસ સ્ટેશનમાં અપહરણ-બળાત્કાર અને હત્યાની ફરિયાદ નોંધાઈ હતી અને હજુ તેમાં કોઈની ધરપકડ થઈ નથી.

તેમને આ સન્માન એટલા માટે મળી રહ્યું છે કારણ કે તેઓ ભારતીય પીએમ છે

# વડાપ્રધાન મોદી દરેક જગ્યાએ સન્માન મેળવવાને લાયક, આ જોઈને મને ગર્વ થાય છે : સામ પિત્રોડા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨



ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોદાએ કહ્યું છે કે વડાપ્રધાન મોદી દરેક જગ્યાએ આદરને પાત્ર છે અને મને આ જોઈને ગર્વ થાય છે. પીએમ મોદીના અમેરિકા પ્રવાસ પહેલા પિત્રોદાએ આ વાત કહી હતી. પિત્રોદા હાલમાં રાહુલ ગાંધી સાથે તેમના છ દિવસીય યુએસ પ્રવાસ પર છે. આ પ્રવાસમાં રાહુલ ગાંધીએ પીએમ મોદી અને ભાજપની ટીકા કરી હતી, પરંતુ તેમણે રશિયા-યુક્રેન યુદ્ધના મામલામાં દેશની વિદેશ નીતિની પણ પ્રશંસા કરી હતી. આ અંગે પિત્રોદાએ કહ્યું હતું કે રાહુલ ગાંધી જાણે છે કે ભારત ક્યારે અને ક્યાં સાચું કરી રહ્યું છે અને અમે બધા આમાં ભાજપની સાથે છીએ. તેમણે કહ્યું કે મને કોઈએ કહ્યું કે ભારતીય વડાપ્રધાનને આ દિવસોમાં ખૂબ આતિથ્ય મળી રહ્યું છે. હું તેનાથી ખુશ છું કારણ કે આખરે તે અમારા વડાપ્રધાન પણ છે. તેમને આ સન્માન એટલા માટે મળી રહ્યું છે કારણ કે તેઓ ભારતીય પીએમ છે. એટલા માટે નહીં કે તેઓ ભાજપના પીએમ છે. આ બે અલગ અલગ વસ્તુઓ છે. પિત્રોદાએ કહ્યું કે ૧૫૦ કરોડની વસ્તી ધરાવતા ભારતના વડાપ્રધાન દરેક જગ્યાએ આદરને પાત્ર છે.

# મણિપુરમાં બે મહિલાઓ સાથેનો શરમજનક વ્યવહારનો મામલો આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨




મહિનાઓથી મણિપુર આક્રોશની આગમાં સળગી રહ્યું છે, હિંસા અને દૂરાચારે માઝા મૂકી છે. મહીલાઓને નિર્વસ્ત્ર કરી માર્ગ પર ફેરવવાનો મામલો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચ્યો છે. સમગ્ર દેશમાં આ મામલે આક્રોશ છે. ભારત સ્થિત અમેરિકાના રાજદૂત એરિક ગાર્સેટીએ મણિપુર હિંસાને ભારતની આંતરિક બાબત કહેતા એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, 'મેં તે વીડિયો જોયો નથી, આ અંગે હું પહેલી જ વાર કશું સાંભળી રહ્યો છું. પરંતુ મેં પહેલાં પણ કહ્યું હતું કે, જ્યારે જ્યારે માનવીય પીડા થાય છે, ત્યારે ત્યારે અમારૃં હૃદય દ્રવી ઊઠે છે.' મણિપુરમાં મહિલાઓને નિર્વસ્ત્ર ફેરવવાનો મામલો અત્યારે દેશમાં શેરીઓમાંથી સંસદ સુધી પહોંચ્યો છે, ત્યાં થઈ રહેલાં આગ-તાંડવ અને પાપાત્મક બળાત્કારો પછી મહિલાઓને નિર્વસ્ત્ર કરી માર્ગો પર ફેરવવાની ઘટનાઓએ દેશમાં સલ્તનત યુગમાં બનતી અમાનવીય ઘટનાઓની યાદ આપી છે.

# ઉના તાલુકાના ગાંગડા ગામમાં આવેલા આંગણવાડી કેન્દ્રનો સ્લેબ જર્જરિત હાલતમાં

ઉના, તા.૨૨



ઉના તાલુકાના ગાંગડા ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્રમાં છેલ્લા ઘણા સમયથી સ્લેબ જર્જરીત હાલતમાં હોય ચોમાસા દરમ્યાન સ્લેબમાંથી સતત પાણી ટપકતુ હોવાથી બાળકોને કયાં બેસવુ તે પ્રશ્ન ઉભો થયો છે.

છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસાની સીઝનમાં સ્લેબ પર પાણી ભરાઈ જવાની સમસ્યા છે. આ અંગે સંચાલક બહેનો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતાં સ્લેબ રીપેરીંગની કામગીરી કરવામાં આવતી નથી. કોઈ અનિચ્છનીય ઘટના અને તે પહેલા તાત્કાલીક સ્લેબ રીપેર કરાય તેવી ગામ લોકો તરફથી માંગ કરવામાં આવી છે.

# ઉનાના કંસાર ચોકડી પાસેથી ગેરકાયદેસર રેતી ભરેલું ડંપર ઝડપાયું





ઉના, તા.૨૨

ઉના પંથકમાં બેફામ ગેરકાયદેસર રેતી ચોર થતી હોય ખાણખનીજ વિભાગે કંસારી ગામ નજીક ડંમ નં.જીજે.૧૮ એ.વી ૬૨૭૦માં ગેરકાયદેસર ખનીજ રેતી ભરી હેરાફેરી થતી હોવાની બાતમીને આધારે ઉનાના કંસારી ચોકડી પાસે વોચ ગોઠવી હતી ત્યારે રાજુલાથી ગીરગઢડા તરફ જતા ડમ્પરને રોકાવી ડમ્પરમાં તલાશી લેતા આ ગેરકાયદેસર ખનીજ રેતીનો મોટો જથ્થો ભરેલ ડમ્પર ચાલક પાસે કોઈજાતની પાસ પરમીટ ન હોય ડમ્પર સહીત રૂ.૧૦ લાખથી વધુનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# સમાજે એકજૂટ રહેવું જોઈએ, તેનો સંદેશ મંદિરોમાંથી જ મળશે : મોહન ભાગવત

પ્રાર્થના નાનામાં નાના મંદિરમાં થવી જોઈએ અને ત્યાં સ્વચ્છતાની વ્યવસ્થા હોવી જોઈએ

(એ.આર.એલ),વારાણસી,તા.૨૨



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શનિવારે વારાણસીમાં દેશ અને દુનિયાના મંદિરોના પ્રતિનિધિઓને સંબોધિત કર્યા હતા. ભાગવતે કાશી વિશ્વનાથ મંદિરના બદલાયેલા સ્વરૂપની પણ પ્રશંસા કરી હતી. ભાગવતે કહ્યું કે રામ ઘાટમાં છે. એટલા માટે સમાજે એકજૂટ રહેવું જોઈએ, તેનો સંદેશ મંદિરોમાંથી જ જશે. ભાગવતે કહ્યું કે એક એવું મંદિર હોવું જોઈએ જે સમાજના દરેક વર્ગ અને દરેકની સંભાળ રાખે. લોકોને અપીલ કરતાં તેમણે કહ્યું કે યોજના બનાવો અને દરેકને જોડો. મોહન ભાગવતે કહ્યું, 'પ્રાર્થના નાનામાં નાના મંદિરમાં થવી જોઈએ અને ત્યાં સ્વચ્છતાની વ્યવસ્થા હોવી જોઈએ. ઘણી જગ્યાએ મંદિરો સરકારના નિયંત્રણમાં છે, તેમને કેવી રીતે જોડવા તે વિશે પણ વિચારવું જોઈએ. મંદિરોને જોડવામાં આવી રહ્યા છે, હવે આગામી કાર્યક્રમ તમામ મંદિરોનો સર્વે કરવાનો છે. જે ધર્મનું પાલન કરવાનું છે તે ધર્મ જ ન રહે અને તેમાં શ્રદ્ધા ન હોય તો તે કેવી રીતે ચાલશે. મોહન ભાગવતે કહ્યું કે મંદિરોની પવિત્રતા મંદિરમાં સ્વચ્છતા અને મંદિરોની સેવા કરવાનો પ્રયાસ છે.

# પાકિસ્તાન બન્યું કંગાળ : ૨.૪૪ અબજ ડોલરનું વિદેશી દેવું ચૂકવવુ અઘરૂ બનશે


(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨



પાકિસ્તાને પોતાની આર્થિક સ્થિતિ સુધારવા માટે અનેક અબજ ડોલરની લોન લીધી છે. જો કે, હવે પાકિસ્તાને જુલાઈ ૨૦૨૩માં ૨.૪૪ બિલિયન યુએસ ડોલરનું વિદેશી દેવું ચૂકવવું પડશે. ધ ન્યૂઝ ઈન્ટરનેશનલના જણાવ્યા અનુસાર, જુલાઈ ૨૦૨૩ ના વર્તમાન મહિના માટે પાકિસ્તાનની વિદેશી દેવાની ચૂકવણી ૨.૪૪ બિલિયન છે, જેમાં ચીનને ૨.૦૭ બિલિયનની અસુરક્ષિત લોનનો સમાવેશ થાય છે.ચીન તરફથી ૧ બિલિયનની સુરક્ષિત ડિપોઝિટ પણ બાકી છે, તેથી પાકિસ્તાન અને ચીન હાલમાં ચાલુ મહિનામાં લગભગ ૩ બિલિયનની દ્વિપક્ષીય લોન પર કામ કરી રહ્યા છે. ધ ન્યૂઝ ઈન્ટરનેશનલને આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, પાકિસ્તાને ચાલુ મહિના માટે સાઉદી અરેબિયાને ૧૯૫ મિલિયન ચૂકવવા પડશે. આ ઉપરાંત, પાકિસ્તાન પર ફ્રાન્સનું ૨.૮૫ મિલિયન યુએસ ડોલર અને જાપાનનું ૪.૫૭ મિલિયન યુએસ ડોલરનું દેવું છે.

# ફક્ત ફરઝાના જ એક એવી વ્યક્તિ છે જે રેખાના બેડરૂમ સુધી જઈ શકે છે

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૨



બોલીવુડની દિગ્ગજ અભિનેત્રી રેખાએ એકબાજુ જ્યાં પોતાના અભિનયથી દર્શકોના હૃદય જીત્યા છે ત્યાં બીજી બાજુ તેની પર્સનલ લાઈફ પણ ખુબ ચર્ચામાં રહે છે. રેખાની લવ લાઈફ આજે પણ લોકોના મોઢે જોવા મળે છે. તેના અને અમિતાભ બચ્ચનના કિસ્સા લોકો યાદ કરતા રહે છે. બીજી બાજુ રેખાએ પણ ક્યારેય તેના પ્રેમને છૂપાવવાની કોશિશ કરી નથી. જો કે અભિનેત્રીના એક રિલેશનશીપ વિશે બહુ ઓછા લોકો જાણે છે. વાત જાણે એમ છે કે રેખાની બાયોગ્રાફી 'રેખાઃ ધ અનટોલ્ડ સ્ટોરી' ને યાસીર ઉસ્માને લખી છે. જેમાં કહેવાયું છે કે અભિનેત્રી રેખા ફરઝાના સાથે લિવ ઈન રિલેશનશીપમાં છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ફક્ત ફરઝાના જ એક એવી વ્યક્તિ છે જે રેખાના બેડરૂમ સુધી જઈ શકે છે. બાકી હાઉસ હેલ્પ સુદ્ધાને રેખાના બેડરૂમમાં જવાની મંજૂરી નથી. પુસ્તકમાં લખ્યું છે કે 'ફરઝાના રેખા માટે પરફેક્ટ પાર્ટનર છે. તે તેની સલાહકાર, મિત્ર, સપોટર છે.

# ભારત-વેસ્ટઈન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટ મેચ વરસાદને કારણે સ્થગિત

ત્રિનિદાદ, તા.૨૨



ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ પોર્ટ ઓફ સ્પેન, ત્રિનિદાદ ખાતે રમાઈ રહી છે. ભારત ૨ મેચની શ્રેણીમાં ૧-૦થી આગળ છે. આજે મેચનો ત્રીજો દિવસ છે, પ્રથમ સેશન ચાલી રહ્યું છે. હાલ વરસાદને કારણે રમત બંધ કરી દેવામાં આવી છે.વેસ્ટઈન્ડિઝે તેની પ્રથમ ઈનિંગમાં બે વિકેટે ૧૧૭ રન બનાવ્યા છે. કેપ્ટન ક્રેગ બ્રાથવેટ ૪૯ રને અણનમ છે. તે ૨૯મી ટેસ્ટ અડધી સદીની નજીક છે.કિર્ક મેકેન્ઝી ૩૨ રન બનાવીને આઉટ થયો હતો. પોતાની ડેબ્યૂ મેચ રમી રહેલા મુકેશ કુમારે તેને વિકેટકીપર ઈશાન કિશનના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. મુકેશની આ પ્રથમ ટેસ્ટ વિકેટ છે.તેજનારાયણ ચંદ્રપોલ ૩૩ રન બનાવીને આઉટ થયો હતો, રવીન્દ્ર જાડેજાએ તેને પેવેલિયન મોકલ્યો હતો.

ચિતલમાં ૨ કલાકમાં અનરાધાર ૫ ઈંચ વરસાદથી ઠેબી નદીમાં પુર

# અમરેલી જિલ્લામાં અનરાધાર વરસાદથી નદીઓમાં ઘોડાપુર




















## ઠેબી ડેમના ૧૨ દરવાજા ૩ ફુટ ખોલાતા ચાંપાથળ, ફતેપુરના ખેતરોમાં ભારે ધોવાણ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં સવારના સમયે ધીમી ધારે પડી રહેલા વરસાદે બપોર બાદ અચાનક જ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને મોટા ભાગના વિસ્તારમાં બે કલાકમાં જ ૩ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે જિલ્લાની તમામ નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું અને જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ હતી. અમરેલી શહેરમાં બપોરે ૧ વાગ્યાથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો અને બે વાગ્યા થી ૪ વાગ્યા સુધી બે કલાકમાં અઢી ઈંચ વરસાદ પડયો હતો જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ઉપરવાસના ભારે વરસાદના કારણે ઠેબી નદીમાં ઘોડાપુર આવ્યું હતુ અને ઠેબી ડેમના ૧૨ દરવાજા ૩ ફુટ સુધી ખોલવામાં આવતાં ચિતલ રોડથી કામનાથ મહાદેવ મંદિર સુધીના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ચિતલ રોડ પર આવેલ ખોડિયાર મંદિર અડધુ ડુબી ગયું હતું. જયારે અન્ય સોસાયટીમાં પણ પાણી ઘરમાં ઘુસી ગયું હતું. જેસીંગપરા જવાના રસ્તે સ્વામિનારાયણ મંદિર પાસે નદીનું પાણી રોડ પર આવી જતાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. ઠેબી નદીમાં આવેલ પુરને જોવા માટે શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. પોલીસ તંત્ર દ્વારા અઘટીત ઘટના ન બને તે માટે લોકોના ટોળાઓને હટાવાયા હતા. સમગ્ર સ્થિતિને પહોંચી વળવા માટે ફાયર ટીમ તેમજ પોલીસ ટીમ તૈયાર રહી હતી. વધુ વરસાદની આગાહીના પગલે નીચાણવાળા વિસ્તારમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવા માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી અને શહેરમાં શહેરમાં રહી શકાય તેવી જગ્યાઓ માટે તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હતી. અમરેલીના મોણપુર, ચિત્તલ સહિતના ગ્રામ્ય પંથકમાં અંદાજે પાચેક ઈંચ વરસાદ પડતા સમગ્ર વિસ્તાર જળબંબાકાર થઈ ગયો હતો અને ખેતરમાં પાણી ફરી વળ્યા હતા.

બાબરા પંથકમાં બપોર બાદ સતત બે કલાક અનરાધાર વરસાદથી બાબરામાંથી પસાર થતી નદી કાળુભાર, ગાગડીયો નદીમાં પુરે પ્રકોપ સર્જ્યો હતો અને ખેતર જવા માટેના રસ્તાઓ બંધ થયા હતા. બીજી તરફ કરીયાણાના રસ્તા પર આવેલ અને સિંચાઈ માટે ઉપયોગમાં લેવાતો રામપરી ડેમ આજે ઓવરફલો થયો હતો. બાબરાના વાંડળીયા, લુણકી, કરીયાણા, ચમારડી, મોટા દેવળીયા, કુંવરગઢ ગામડા તરફ જવાના રસ્તાઓ મોટા ભાગના કોઝવે પર વરસાદી પાણી ફરી વળતાં કલાકો સુધી વાહન વ્યવહાર બંધ રહ્યો હતો. કરીયાણા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વિજળી ગુલ થયાની ફરીયાદો ઉઠવા પામી હતી. કોટડાપીઠા અને આજુબાજુના વિસ્તારમાં મેઘરાજાએ તોફાની બેટીંગ કરતાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો જેના કારણે કોટડાપીઠાના ધોબીયારા તળાવમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ હતી.

લીલીયા શહેરમાં પડેલા સાડા ત્રણ ઈંચ વરસાદથી નાવલી નદીમાં ઘોડાપુર આવ્યું હતું અને મેઈન બજારમાં વેપારીની દુકાનમાં પાણી ભરાયા હતા. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. સાજણટીંબા અને અંટાળીયા વચ્ચે ગાગડીયો નદીમાં ભારે પુરના કારણે ચાર જગ્યાએ નાળા તુટી જવાથી અંટાળીયા-લાઠી વચ્ચેનો વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. પોલીસે તુટેલા નાળા પર ચૂસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવી દીધો હતો.બગસરામાં બપોરના સમયે ગાજવીજ સાથે સવા ઈંચ જેવો વરસાદ નોંધાયો હતો. સમઢીયાળા, લુંઘીયા, ભાડેર, મોટા મુંજીયાસર ગામોમાં વરસાદ પડતાં સાતલડી નદીમાં પુર આવ્યું હતું જેના કારણે સાપર લુંઘીયા તરફ જવાનો રસ્તો બંધ થયો હોય પોલીસ દ્વારા સમય સુચકતા વાપરી આડી બેરેક રાખી દેવામાં આવી હતી. લાઠી શહેરમાં ધોધમાર વરસાદથી ગાગડીયો નદી પર આવેલ બેઠા પુલ પર પાણી ફરી વળ્યા હતા.જેથી વાહનવ્યવહાર બંધ થયો હતો.અમરેલી જિલ્લામાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદના પગલે નદી નાળા છલકાયા છે. સવારથી સતત વરસાદ ખાબકતા ટોડા ગામ પાસે આવેલ નાળા પર પાણી ફરી વળ્યા હતા. લાઠી હાઈવે પર આવેલા ટોડા ગામ પાસે પુલ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર ખોરવાયો હતો.

### ચિતલમાં એક મહિલા સહિત ત્રણનું રેસ્ક્યુ

ચિતલ ગ્રામ પંચાયત પાસે આવેલ વોશીંગઘાટમાં એક મહિલા હંસાબેન તથા બે પુરૂષ પાણીમાં ફસાયા હોવાની ગામના સરપંચ સુરેશભાઈ પાથરને જાણ થતાં તેઓએ તાત્કાલિક ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને જાણ કરતાં અમરેલી ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ચીતલ પહોંચી હતી અને ત્રણેય વ્યકિતનો આબાદ બચાવ થયો હતો. સરપંચ સુરેશભાઈ પાથર, ધર્મેન્દ્રસિંહ સરવૈયા, મહોબતસિંહ બચ્ચન સ્થાનિક આગેવાનો વિજયભાઈ દેસાઈ, રાજુભાઈ ધાનાણી, રઘુવિરસિંહ સરવૈયા સહિતના આગેવાનોએ ફાયર ટીમનો આભાર માન્યો હતો.

# અમે તેને કહ્યું હતું કે ગાડી ધીમી ચલાવ, પણ તે માન્યો જ નહિ : કારમાં બેસેલી યુવતીનું બયાન



(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૨

અમદાવાદમાં ગુરુવારની મધરાતે ૧૬૦ની સ્પીડે ભાગતી જેગુઆરે અકસ્માત નોતર્યો હતો. કાફેમાં વોફલ્સ ખાઈને મોજમાં નીકળેલા તથ્યએ મધરાતે ૯ લોકોને ફૂટબોલની જેમ ઉછાળ્યા હતા. જેમાં વૈભવી પરિવારનો નબીરો તથ્ય પટેલ ઝડપાયો હતો, પરંતું ગાડીમાં બેઠેલા તેના મિત્રો જીવ બચાવીને ત્યાંથી ભાગી ગયા હતા. ટોળાએ તથ્ય પટેલને ઢોર માર માર્યો હતો. પરંતુ બાદમાં તમામ પકડાઈ ગયા હતા. આખરે એ રાતે શું બન્યું, અકસ્માત પહેલા શું થયુ હતું તેની પોલ કારમાં બેસેલી તથ્યની જ એક મિત્રએ ખોલી છે. પોલીસ પૂછપરછમાં યુવતી પોપટની જેમ પટપટ બધુ બોલી ગઈ. તથ્ય પટેલ સાથે તેની કારમાં આર્યન પંચાલ, શાન સાગર, ધ્વનિ પંચાલ, શ્રેયા વઘાસિયા અને માલવિકા પટેલ નામના મિત્રો પણ હતાં. આ તમામ લોકો છેલ્લા એક વર્ષથી મિત્રો હતા. આર્યન અને ધ્વનિ ભાઈ-બહેન છે. સોશિયલ મીડિયા અને કાફેની મુલાકાતો દ્વારા જ તમામ લોકો વચ્ચે મિત્રતા થઈ હતી અને આ પહેલાં પણ અગાઉ એકબીજા સાથે ફરવા જતાં હતાં. ગઈકાલે પણ અગાઉની જેમ જ ૬ લોકો કાફેમાં વોફલ્સ ખાવા ગયાં હતાં. એ રાતે શુ થયું હતુ તે વિશે કારમાં બેસેલી એક યુવતીએ કહ્યું કે, હું કહેતી હતી કે તું કાર ધીમી ચલાવ પણ તથ્ય માન્યો જ નહીં અને કારની સ્પીડ વધતી ગઈ અને ૧૦૦થી વધુ થઈ ગઈ હતી, થોડીવાર બાદ કારનો અકસ્માત થયો. અમને કશી ખબર ન રહી અને આસપાસ લોકો ભેગા થવા લાગ્યા હતા. ત્યારબાદ એક વ્યક્તિ અમને ત્યાંથી લઈ ગયો હતો.

# બગસરાના હડાળા ગામે વીજશોક લાગવાથી બે વ્યક્તિના કરૂણ મોત



## ખેતીકામ દરમ્યાન વિજશોક લાગવાથી મામા-ભાણેજના મોત થયા

બગસરા તા.૨૨

બગસરાના હડાળા ગામે બે દલિત વ્યક્તિના વીજશોક લાગવાથી મોત થતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. મળતી માહિતી મુજબ મરનાર ખારી જવાના રસ્તા ઊપર આવેલ અશોકભાઈ રાણવાની વાડીમાં ઘણા વર્ષોથી ખેતીકામ કરતા હતા અને ભાગીયુ રાખી મુજરી કરતા હતા. મજુર પરિવારમાં બે મોત થતા અરેરાટી વ્યાપી ગઈ છે. બંને લોકો ખેતરમાં કપાસમાં ખાતર નાખવાનું કામ કરતા હતા ત્યારે બાજુમાં આવેલ ટીસીમાં શોર્ટ સર્કિટ થવાથી કરંટ લાગવાથી બંનેના મોત થયા હતા. બંને મજુરો જેમાં ગોવિંદભાઈ વશરામભાઈ મહીડા ઉંમર વર્ષ ૫૧, જૂના વાઘણીયા ગામના નિવાસી અને સાગરભાઈ ઘૂડાભાઈ સોલંકી ઉમર વર્ષ ૩૦, ખીજડીયા ગામના રહેવાસીનું જાણવા મળ્યુ છે. મૃતક બંને સંબંધમાં મામા ભાણેજ થતા હતા. આ બંનેને ઘટના બાદ બગસરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

# ઈસ્કોન બ્રિજ અકસ્માતનો કેસ અમારા માટે નોર્મલ નથી, મોસ્ટ સિરીયસ : હર્ષ સંઘવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨

ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનું મોટું નિવેદન સામે આવ્યું છે.તેમણે જણાવ્યું કે, હું સ્પષ્ટ શબ્દોમાં કહું છું કે આ કેસ અમારા માટે નોર્મલ કેસ નથી, આ કેસ અમારા માટે મોસ્ટ ઈમ્પોર્ટન્ટ મોસ્ટ સિરિયસ કેસ છે. આ ઘટનામાં કડકથી કડક કાર્યવાહી કરાશે. આ બાબતે આરોપીઓને કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

૭મા વર્ષમાં મંગલ પ્રવેશ....
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
શ્રી ભુરખીયા દાદા તથા વડિલોના આશીર્વાદ અમારી અત્યાધુનિક સાધનોથી સુસજ્જ હોસ્પિટલમાં વિશ્વાસ મુકી સારવાર લેવા આવતા માતા, બહેનો અને બાળકોની યોગ્ય સારવાર અને દેખભાળ પુર્ણ સંતોષ સાથે છ વર્ષ પૂર્ણ કરીએ છીએ. ત્યારે સાતમાં વર્ષનાં મંગલ પ્રવેશ અવસરે સગા, સ્નેહિશ્રીઓ, જ્ઞાતિજનો, અમારા શુભેચ્છકો, સામાજીક સંસ્થાઓ, અમારા સાથી ડોકટર મીત્રો અને નામી અનામી કે જેઓએ સાથ સહકાર આપી અમારૂ મનોબળ અને ઉત્સાહ વધારેલ છે તે તમામનો અમો ખરા અંતરપૂર્વક સહર્ષ આભાર માનીએ છીએ.
ડો. ચિરાગ વી. કુબાવત (સ્ત્રીરોગ, નિષ્ણાંત)(M.B.D.G.O)
Diploma in Gynec Endosecopy (FRANCE)
-: ઉપલબ્ધ સુવિધાઓ :-
■ નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
■ પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી
■ ટાંકાવાળું, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનીક સારવાર/IUI
■ ૨૪ કલાક કાર્યરત
■ લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત (M.B.D.C.H)
-: ઉપલબ્ધ સુવિધાઓ :-
■ રસીકરણ કેન્દ્ર
■ નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
■ આહાર સંબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વંગી તપાસ/સારવાર
■ જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય
સોમવાર થી શનિવાર
સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
આપના આભારી
ડો. ચિરાગ વી. કુબાવત
ડો. ઉપાસના સી. કુબાવત
તથા નારી હોસ્પીટલ પરિવાર
(02792) 221324
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી
kubavatchiragv@gmail.com

શુભારંભ
તા.૨૩-૦૭-૨૦૨૩, રવિવાર
સમય : સવારે ૯.૦૦ કલાકે
ઈશ્વર કૃપા, માતા-પિતાના આશિર્વાદ, દર્દીઓ અને આપ સૌના સાથ-સહકારથી અમરેલી શહેરમાં અમારી નવી અત્યાધુનિક હોસ્પિટલના શુભારંભ પ્રસંગે આપશ્રીને પધારવા અમારૂં હાર્દિક નિમંત્રણ છે.
BIMS-AASTHA HOSPITAL
BIMS-AASTHA
મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
(UNIT OF MARUTI HOSPICARE PVT. LTD.)
ડૉ. અશોક પરમાર (એમ.ડી.ફીઝીશ્યન)
ડૉ. વરૂણ સિબલ (કાર્ડિયોજીસ્ટ)
ડૉ. દિક્ષીત ચૌધરી (એમ.એસ.ઓર્થોપેડિક)
ડૉ. તપન ડોડીયા (ફુલટાઇમ ઇન્ટેન્સીવીસ્ટ)
ડૉ. રાજેશકુમાર સિંઘ (એસોસીએટ કન્સલ્ટન્ટ-કાર્ડિયોલોજી)
Reception Area
OPD and Waiting
Emergency Room
ICU
Operation Theater
Deluxe Room
ઉદ્‌ઘાટકશ્રી : • શ્રી કૌશિકભાઈ વેકરીયા (ઉપ દંડકશ્રી, ગુજ.વિધાનસભા) • શ્રી નારણભાઈ કાછડીયા (સાંસદશ્રી)
અતિથિ વિશેષ
• શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, કેન્દ્રીયમંત્રી, ભારત સરકાર
• શ્રી દિલીપભાઈ સંઘાણી, સહકાર શિરોમણી
• શ્રી જે. વી. કાકડીયા, ધારાસભ્યશ્રી, ધારી-બગસરા
• શ્રી મહેશભાઈ કશવાલા, ધારાસભ્યશ્રી, સાવરકુંડલા
• શ્રી જનકભાઈ તળાવીયા, ધારાસભ્યશ્રી, લાઠી-બાબરા
• શ્રી હિરાભાઈ સોલંકી, ધારાસભ્યશ્રી, રાજુલા-જાફરાબાદ
• શ્રી પી. પી. સોજીત્રા, ચેરમેનશ્રી, નાગરીક સહકારી બેંક અમરેલી
• શ્રી અશ્વીન સાવલીયા, ચેરમેનશ્રી, અમરેલી જી. દુધ ઉ.સંઘ
• શ્રી પરેશ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય, અમરેલી
• શ્રીમતી મનિષા રામાણી, પ્રમુખ-નગરપાલીકા અમરેલી
• શ્રી મુકેશ સંઘાણી, પ્રમુખશ્રી, સારહી યુથ કલબ ઓફ અમરેલી
• શ્રી જી. જે. ગજેરા સાહેબ, પ્રમુખ-આઈ.એમ.એ.-અમરેલી
• ડો. ભરતભાઈ કાનાબાર, પ્રમુખશ્રી, ઈન્ડીયન રેડક્રોસ-અમરેલી
: નિમંત્રક :
શ્રી હિમાંશુ પટેલ – શ્રી કેતન પરીખ (ડાયરેક્ટર) | ડો. અશોક પરમાર (મેડીકલ ડાયરેક્ટર) | શ્રી સુરજ સિંઘ (યુનીટ હેડ)
MARUTI HOSPICARE PVT. LTD.
24x7 ઈમરજન્સી 02792 - 35 44 00
10 બેડનું ICCU યુનિટ | 24x7 ફુલટાઈમ ક્રિટીકલ કેર ટીમ
બી.એમ. ચોક, લીલીયા રોડ, માણેકપરા, અમરેલી-૩૬૫૬૦૧. ફોન : 02792-354444